RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 338 Dt. 13-06-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધના ભણકારા વચ્ચે ટ્રમ્પની વિશ્વને ચોંકાવનારી જાહેરાત

# ઈરાન યુદ્ધ સમાપ્ત : અમેરિકાનો દાવો

### જ્યોર્જિયાની ચૂંટણી રેલીમાં અમેરિકી રાષ્ટ્રપતિની વૈશ્વિક જાહેરાતઃ ઈરાન પરમાણુ હથિયારો ન બનાવવા સંમત થયું હોવાનો પણ દાવો; ભારત-ઈઝરાયેલ સહિતના દેશોની મંજૂરી હોવાની વાત, જો કે ઈરાને હજુ સુધી કોઈ પુષ્ટિ ન કરતાં રહસ્ય ઘેરાયું

વોશિંગ્ટન, તા.૧૨

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ)માં લાંબા સમયથી ચાલી રહેલા સળગતા તણાવ અને અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધની વધતી જતી આશંકાઓ વચ્ચે વૈશ્વિક રાજકારણને હચમચાવી મૂકે તેવા મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત ચોંકાવનારો અને નવો દાવો કરતા જાહેરાત કરી છે કે અમેરિકાએ ઈરાન વિરુદ્ધનું સંભવિત મહાયુદ્ધ સત્તાવાર રીતે સમાપ્ત કરી દીધું છે. વિશેષ વાત એ છે કે, હજુ ગઈકાલ ગુરુવાર સુધી જ રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો સૈન્ય હુમલો કરવાની આકરી ચેતવણીઓ આપી રહ્યા હતા, ત્યારે ૨૪ કલાકમાં જ અચાનક યુદ્ધ વિરામ અને સમજૂતી થઈ ગઈ હોવાનું નવું નિવેદન આપતા વૈશ્વિક સંરક્ષણ નિષ્ણાતો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે. જો કે, આ ભયંકર કટોકટી વચ્ચે બીજી તરફ ખુદ ઈરાને અમેરિકાના આ દાવાની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ કરી નથી અને સ્પષ્ટ કર્યું છે કે બંને દેશો વચ્ચેના વિવાદો પર હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય કે હસ્તાક્ષર લેવામાં આવ્યા નથી.



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યોર્જિયામાં યોજાયેલી એક વિશાળ ચૂંટણી રેલીને વર્ચ્યુઅલી સંબોધિત કરતી વખતે આ ઐતિહાસિક સમજૂતી અંગે ખુલાસો કર્યો હતો. તેમણે મક્કમતાપૂર્વક જણાવ્યું કે, અમેરિકાના અથાગ પ્રયત્નોથી હવે ઈરાન સાથેનો યુદ્ધનો અધ્યાય કાયમ માટે બંધ થઈ ગયો છે. આ સાથે જ તેમણે એક મોટો દાવો કરતા ઉમેર્યું કે, ઈરાન હવે ભવિષ્યમાં ક્યારેય પરમાણુ શસ્ત્રો (Nuclear Weapons) નહીં વિકસાવવા માટે સંપૂર્ણપણે સંમત થઈ ગયું છે, જે વૈશ્વિક શાંતિ માટે બહુ મોટી સફળતા છે. પોતાની સોશિયલ મીડિયા પોસ્ટ પર પણ આ અંગે વધુ વિગતો શેર કરતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઈરાન સાથે પડદા પાછળ ચાલી રહેલી રાજદ્વારી વાટાઘાટો અને સંવાદ હવે ઈરાની નેતૃત્વના ઉચ્ચતમ સ્તર (ટોચના નેતાઓ) સુધી પહોંચી ગયા છે અને આ ડીલને બંને પક્ષે સૈદ્ધાંતિક મંજૂરી પણ મળી ગઈ છે. તેમણે ગર્વભેર ઉમેર્યું કે, એક રાષ્ટ્રપતિ તરીકે તેમણે ઈરાન સામે નક્કી કરાયેલું મોટું સૈન્ય હુમલા અને ભયાનક બોમ્બમારો કરવાનું સત્તાવાર અભિયાન (Military Strike) હવે કાયમ માટે રદ કરી દીધું છે.

આ આંતરરાષ્ટ્રીય ડીલના પાસાઓ પર પ્રકાશ પાડતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું હતું કે, આ વાટાઘાટોના મુખ્ય અને સંવેદનશીલ મુદ્દાઓને માત્ર અમેરિકા જ નહીં, પરંતુ વૈશ્વિક મહાસત્તાઓ અને મિડલ ઈસ્ટના હિતધારક દેશો જેવા કે ઈઝરાયેલ, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત (UAE), કતાર, તુર્કી, પાકિસ્તાન, બહેરીન, કુવૈત, જોર્ડન અને ઈજિપ્ત સહિતના તમામ સંબંધિત પક્ષોએ સત્તાવાર મંજૂરી આપી દીધી છે. જો કે, ટ્રમ્પે ઈરાનને આડકતરી ચેતવણી આપતા એમ પણ સ્પષ્ટ કર્યું હતું કે, જ્યાં સુધી આ મહા-સમજૂતીને કાનૂની રીતે સંપૂર્ણ અને આખરી ઓપ (અંતિમ સ્વરૂપ) આપવામાં નહીં આવે, ત્યાં સુધી ઈરાનની સરહદો પર અમેરિકી નૌકાદળની આકરી નાકાબંધી (Naval Blockade) યથાવત ચાલુ જ રહેશે. તેમણે આશા વ્યક્ત કરી છે કે ખૂબ જ ટૂંક સમયમાં બંને દેશોના વડાઓ વચ્ચે આ ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કરવા માટેનું ચોક્કસ સ્થળ અને સમય સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. હવે આખી દુનિયાની નજર ઈરાનના સત્તાવાર વલણ પર ટકેલી છે કે તે ટ્રમ્પના આ દાવાને સ્વીકારે છે કે નહિ.

### RSS વડા મોહન ભાગવત જે ટ્રેનમાં દિલ્હી જઈ રહ્યા હતા તે ટ્રેન....

# શતાબ્દી એક્સપ્રેસ પર ફિરોઝાબાદ નજીક પથ્થરમારો

નવી દિલ્હી, તા. ૧૨

લખનઉથી નવી દિલ્હી જઈ રહેલી હાઈપ્રોફાઈલ શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન પર ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ નજીક અચાનક પથ્થરમારો થવાની સળગતી ઘટના સામે આવતા રેલ્વે પ્રશાસન, ગુપ્તચર એજન્સીઓ અને ઉચ્ચ સુરક્ષા દળોમાં ભારે હડકંપ મચી ગયો છે. આ ઘટના એટલે વધુ સંવેદનશીલ અને ગંભીર બની છે કારણ કે આ જ ટ્રેનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક મોહન ભાગવત પણ મુસાફરી કરી રહ્યા હતા. આ અચાનક થયેલા હુમલામાં સદનસીબે સંઘ પ્રમુખ મોહન ભાગવત અથવા અન્ય કોઈ પણ મુસાફરને જાનહાનિ કે શારીરિક ઈજા પહોંચી નથી અને તમામ લોકો સંપૂર્ણ સુરક્ષિત છે. જો કે, દેશના આટલા મોટા વીઆઈપી નેતા જે ટ્રેનમાં હોય તેના પર પથ્થરમારો થતાં સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઉભા થયા છે અને તંત્ર દ્વારા આ મામલે સીસીટીવી (CCTV) ફૂટેજની ચકાસણી સહિત ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દેવામાં આવી છે. સુરક્ષા સૂત્રો પાસેથી મળતી સત્તાવાર વિગતો મુજબ, ગુરુવારે સાંજે જ્યારે શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન મક્ખનપુર અને ફિરોઝાબાદ રેલ્વે સ્ટેશન વચ્ચેના



રેલ્વે તંત્ર અને સુરક્ષા એજન્સીઓમાં દોડધામ : એક્ઝિક્યુટિવ કોચ પર અજાણ્યા શખ્સોનો હુમલો, બારીના કાચ તૂટ્યા; સંઘ પ્રમુખ સહિત તમામ મુસાફરો સુરક્ષિત, સીસીટીવીથી તપાસ શરૂ

રેલખંડ પરથી સ્પીડમાં પસાર થઈ રહી હતી, ત્યારે જ બહારથી કોઈ અજાણ્યા તત્વો કે શખ્સ દ્વારા ટ્રેન પર નિશાન સાધીને પથ્થર ફેંકવામાં આવ્યો હતો. આ પથ્થર સીધો ટ્રેનના વીઆઈપી એવા એક્ઝિક્યુટિવ ક્લાસ કોચ 'ઊ-૧' સાથે ધડાકાભેર અથડાયો હતો, જેને કારણે કોચની બારીનો મોટો કાચ કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ અચાનક થયેલા અવાજ અને પથ્થરમારાને લીધે ટ્રેનમાં સવાર મુસાફરોમાં થોડીવાર માટે ભારે ગભરાટ અને અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ટ્રેનના ફરજ પરના સ્ટાફે વિલંબ કર્યા વિના તાત્કાલિક સ્થિતિનું આકલન કરીને કંટ્રોલ રૂમ અને સુરક્ષા એજન્સીઓને આ મામલે ઈમરજન્સી મેસેજ વહેતો કર્યો હતો.

ઘટનાની રાષ્ટ્રીય સ્તરની ગંભીરતાને જોતાં જ આગળના રેલ્વે સ્ટેશન ટુંડલા જંકશન પર રેલ્વે સુરક્ષા બળ (RPF), ગવર્નમેન્ટ રેલ્વે પોલીસ (GRP) અને સ્થાનિક જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓનો મોટો કાફલો એલર્ટ મોડ પર આવી ગોઠવાઈ ગયો હતો. ટ્રેન જેવી સ્ટેશન પર પહોંચી કે તુરંત જ આખી ટ્રેનને લોખંડી સુરક્ષા ઘેરાવમાં લઈ લેવામાં આવી હતી. ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક કોચની અંદર પહોંચીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને સંઘ પ્રમુખ મોહન ભાગવતની સુરક્ષા અને સ્થિતિ અંગે વ્યક્તિગત ખાતરી કરી હતી.

### કેસ હવે કોર્ટ વેકેશન પછી રોસ્ટર બેન્ચ દ્વારા સાંભળવામાં આવશે

# CBSE પોર્ટલ ખોલવા ઈનકાર કરતી દિલ્હી HC

નવી દિલ્હી, તા.૧૨

હાઈકોર્ટે CBSE પોર્ટલ ફરીથી ખોલવા માટે તાત્કાલિક નિર્દેશો આપવાનો ઈનકાર કર્યો હતો. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે આવા પગલાથી લગભગ ૧૭.૮૦ લાખ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ પ્રવેશમાં વિલંબ થઈ શકે છે. આ કેસ હવે કોર્ટ વેકેશન પછી રોસ્ટર બેન્ચ દ્વારા સાંભળવામાં આવશે. દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે (૧૨ જૂન) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) ના પુનઃમૂલ્યાંકન પોર્ટલ ફરીથી ખોલવા માટે તાત્કાલિક નિર્દેશો આપવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટ CBSE ની ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ (OSM) માં કથિત વિસંગતતાઓના સંદર્ભમાં CBSE પુનઃમૂલ્યાંકન પોર્ટલ ફરીથી ખોલવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરી રહી હતી. કોર્ટે અવલોકન કર્યું કે આ તબક્કે આ બાબત તાત્કાલિક હસ્તક્ષેપની જરૂર નથી.

આ અરજી નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) ના પ્રમુખ વિનોદ ઝાખડ દ્વારા દાખલ કરવામાં આવી હતી. તેમણે ઉમેદવારોની




વિગતોમાં સુધારા કરવા માટે, જે વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ ગુમ થઈ ગઈ હતી, ઝાંખી પડી ગઈ હતી અથવા ખોટી રીતે મૂલ્યાંકન કરવામાં આવી હતી તેમને વળતર આપનારા ગુણ આપવા માટે CBSE પોર્ટલ ફરીથી ખોલવાની વિનંતી કરી હતી. અરજદારે એમ પણ કહ્યું હતું કે ''OSM સિસ્ટમ સંબંધિત મોટા પાયે અનિયમિતતાઓ, ખામીઓ, તકનીકી સમસ્યાઓ અને ફરિયાદ સંબંધિત નિષ્ફળતાઓની સ્વતંત્ર તપાસ'' થવી જોઈએ, અને જ્યાં વિદ્યાર્થીઓએ ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલોમાં ભૂલો અંગે ફરિયાદ કરી હોય તેવા કિસ્સાઓમાં ઉત્તરવહીઓની મેન્યુઅલ પુનઃતપાસ અને ભૌતિક ચકાસણી કરવાની પણ માંગ કરી હતી. જોકે, કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ તાત્કાલિક રાહત માટેની અરજીનો વિરોધ કર્યો હતો. મહેતાએ દલીલ કરી હતી કે આ અરજી ''સામાન્ય ધારણાઓ'' પર આધારિત છે. તેમણે જણાવ્યું હતું કે જો આ વિનંતી મંજૂર થાય તો ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવવાની રાહ જોઈ રહેલા ૧૭.૮૦ લાખ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થઈ શકે છે, કારણ કે તેમના પરિણામોમાં પણ વિલંબ થશે.

બંને પક્ષો તરફથી આપવામાં આવેલી દલીલોની નોંધ લેતા, દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ નીના બંસલ કૃષ્ણ અને મધુ જૈનની બેન્ચે તાત્કાલિક ધોરણે કોઈપણ વચગાળાના નિર્દેશો આપવાનું ટાળ્યું હતું. તેના બદલે, કોર્ટે કોર્ટની રજાઓ પછી રોસ્ટર બેન્ચ સમક્ષ સુનાવણી માટે આ કેસની યાદી આપી હતી અને કહ્યું કે વ્યક્તિગત વિદ્યાર્થીઓએ અરજી કરવી જોઈએ અને અમે ઈચ્છતા નથી કે પરિણામો વિલંબિત થાય.

# કોલકાતાની સરકારી ઈમારતમાં ભીષણ આગઃ ૪,૦૦૦ EVM બળીને ખાક


કોલકાતા, તા.૧૨

પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતાના અલીપુર વિસ્તારમાં આવેલી એક બહુમાળી સરકારી ઈમારતમાં બુધવારે અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતાં ભારે અફડાતફડી મચી ગઈ છે.

આ ગોઝારી આગની ઘટનામાં સૌથી મોટું નુકસાન લોકશાહીના કિંમતી દસ્તાવેજો સમાન આશરે ૪,૦૦૦ જેટલા ઊટખ (વોટિંગ મશીનો)ને થયું છે, જે સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયા છે. આ એ જ મશીનો હતા જેનો ઉપયોગ ચાલુ વર્ષે જ રાજ્યમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન ૧૦ વિવિધ મતવિસ્તારોમાં કરવામાં આવ્યો હતો. એકસાથે આટલી મોટી સંખ્યામાં ઈલેક્શન મશીનો નાશ પામતા અને આગ લાગવાની શંકાસ્પદ પેટર્નને પગલે વિપક્ષો દ્વારા આમાં કોઈ 'મોટા રાજકીય કાવતરા'ની આશંકા વ્યક્ત કરવામાં આવતા ભારે રાજકીય હોબાળો મચી ગયો છે. આ ઘટના અંગે રાજ્યના મંત્રી કૌશિક ચૌધરીએ સ્થળની મુલાકાત લીધા બાદ એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, આગ સૌથી પહેલા બિલ્ડિંગના બીજા અને ત્રીજા માળે જોવા મળી હતી, પરંતુ આશ્ચર્યજનક રીતે તે વચ્ચેના ચોથા, પાંચમા અને છઠ્ઠા માળને પ્રભાવિત કર્યા વિના સીધી સાતમા, આઠમા, નવમા અને દસમા માળ સુધી પહોંચી ગઈ હતી!

આ વિચિત્ર પેટર્નને લીધે જ આગ સામાન્ય અકસ્માત નહીં પણ પૂર્વાયોજિત કાવતરું હોવાની શંકાઓ દ્રઢ બની છે. કેન્દ્રીય મંત્રી સુકાંત મજુમદાર અને ભાજપ નેતા રાકેશ





માળ કૂદાવીને આગળ વધેલી આગની વિચિત્ર પેટર્નથી રાજકીય કાવતરાના આક્ષેપો; હાઈપ્રોફાઈલ તપાસ શરૂ

સિંહે પણ આ આગ પાછળ ઊંડા ષડયંત્રનો સીધો આક્ષેપ કર્યો છે. હાલ પોલીસે આ મામલે FIR નોંધી આખી બિલ્ડિંગ સીલ કરી દીધી છે. વહીવટી તંત્ર દ્વારા અન્ય સરકારી દસ્તાવેજોના નુકસાનની આકારણી થઈ રહી છે અને ફોરેન્સિક લેબોરેટરી (FSL)ના રિપોર્ટ આવ્યા બાદ જ આગનું અસલી કારણ સ્પષ્ટ થશે.

### ચોટીલા-રાજકોટ હાઈવે પર કાળમુખો ત્રિપલ અકસ્માત

# ટેન્કરની ટક્કરે ઈકોનો બુકડો, ટ્રકની પલટી : ૪ મોત

### બેટી રામપર નજીક સર્જાયેલા ગોઝારા દ્રશ્યો ધ્રુજાવી દેનારાઃ કારખાનેથી નોકરી પતાવી પરત ફરતા ડાભી અને મેઘાણી પરિવાર પર કાળનો પંજો, ગંભીર ૫ ઈજાગ્રસ્તો સારવાર હેઠળ



રાજકોટ, તા.૧૨

રાજકોટઃ ચોટીલા-રાજકોટ હાઈવે પર બેટી રામપર ગામ નજીક આજે કાળજું કંપાવી મૂકે તેવી એક ગોઝારી ત્રિપલ અકસ્માતની ઘટના સામે આવી છે. ભારત પેટ્રોલિયમનું ટેન્કર, એક ટ્રક અને ઈકો કાર વચ્ચે સર્જાયેલા આ વિચિત્ર અને ભયાનક અકસ્માતમાં ઘટનાસ્થળે જ ચાર લોકોના કટોકટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે અન્ય પાંચ લોકોને ગંભીર અને જીવલેણ ઈજાઓ થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત એટલો હદબાર ભયાનક હતો કે ઈકો કારનો લોખંડી બુકડો બોલી ગયો હતો, જ્યારે ટેન્કરના કેબિનના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને ટ્રક રોડની વચ્ચે આવેલા ડિવાઈડર પાસે ધડાકાભેર પલટી ખાઈ ગઈ હતી. બનાવને નજરે જોનારા સ્થાનિકોએ ધ્રુજતા અવાજે જણાવ્યું હતું કે, ટક્કર વાગતાની સાથે જ ઈકો કારમાંથી કચડાયેલી હાલતમાં મૃતદેહો રોડ પર ફગવાઈ ગયા હતા. હાઈવે પર ચારેય તરફ લોહીના ખાબોચિયા અને મહિલાઓ-બાળકોની ચીસાચીસ તેમજ હૈયાફાટ રુદનથી પથ્થર હૃદયના માણસની આંખો પણ ભીની થઈ જાય તેવું કરુણ વાતાવરણ સર્જાયું હતું.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, ચોટીલાના મોટી મોલડી ગામના વતની એવા ડાભી પરિવાર અને મેઘાણી પરિવારના સભ્યો કુચિયાદડ જીઆઈડીસીમાં આવેલી બેગ બનાવવાની ફેક્ટરીમાં નોકરી કરતા હતા. રોજિંદી જેમ આજે પણ તેઓ પોતાની નોકરી પતાવીને ખુશી-ખુશી ઈકો કારમાં બેસીને વતન પરત ફરી રહ્યા હતા, તે દરમિયાન બેટી રામપર ગામ નજીક કાળમુખા વાહનોએ તેમની કારને અડફેટે લેતા આ ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. અકસ્માત સર્જાતા જ હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનો તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં તરફડી રહેલા ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ પહોંચાડ્યા હતા. આ ભયંકર ટ્રાફિક અકસ્માતને પગલે હાઈવે પર બંને બાજુએ વાહનોની માઈલો લાંબી કતારો લાગી ગઈ હતી. ઘટનાની ગંભીરતા જોઈને કુવાડવા પોલીસ અને એરપોર્ટ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડીને વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે કુવાડવા અને રાજકોટની હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા.

પોલીસ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર યાદી મુજબ, ઘટનાસ્થળે જ કાળનો કોળિયો બનેલા કમનસીબ મૃતકોમાં લાભુબેન વિનુભાઈ મેઘાણી (ઉ.વ. ૫૫), વિલાશબેન વિનુભાઈ મેઘાણી (ઉ.વ. ૨૨) તેમજ ભાવિષાબેન રમેશભાઈ ડાભી (ઉ.વ. ૧૮) નો સમાવેશ થાય છે. જ્યારે હોસ્પિટલના બિછાને જિંદગી અને મોત વચ્ચે જંગ ખેલી રહેલા ઈજાગ્રસ્તોમાં રમેશભાઈ ગગજીભાઈ ડાભી, પ્રકાશભાઈ વિનુભાઈ મેઘાણી, પુરી દિનેશભાઈ ડાભી, લીલાબેન રમેશભાઈ ડાભી અને શ્રદ્ધા દિનેશભાઈ ડાભીનો સમાવેશ થાય છે. શ્રમજીવી પરિવારના કમાતા અને હસતા-રમતા સભ્યોના એકસાથે આ રીતે અકાળે મોત થતાં મોટી મોલડી ગામ સહિત સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે કાળો શોક વ્યાપી ગયો છે અને પરિવારો પર આભ તૂટી પડ્યું છે.

### યુવાધનને નશાના રવાડે ચડાવતી દવાઓના કાળાબજાર પર સરકારની સર્જિકલ સ્ટ્રાઈક

# ૭૨ ફાર્મસી સીલ, ૧૩૧ને નોટિસ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની 'ઝીરો ટોલરન્સ' નીતિ હેઠળ મંત્રી પ્રફુલ પાનશેરીયાના કડક આદેશથી FDCA તંત્ર ૨૦૮ મેડિકલ સ્ટોર્સ પર ત્રાટક્યું; લાયસન્સ રદ કરવા સુધીની કાનૂની કાર્યવાહીથી ફફડાટ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના યુવાધનને નશાના દૂષણ તરફ ધકેલતી અને મનોવૈજ્ઞાનિક અસરો કરતી દવાઓના ગેરકાયદે વેચાણ સામે ગુજરાત સરકારે અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ હેઠળ, નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા અને કાયદાનું ઉલ્લંઘન કરનારા તત્વોને નેસ્તનાબૂદ કરવાના ભાગરૂપે આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના સીધા માર્ગદર્શન અને કડક આદેશ હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) દ્વારા રાજ્યભરમાં એક સાથે મેગા સરપ્રાઈઝ ચેકિંગ ડ્રાઇવ યોજવામાં આવી હતી. આ ઓપરેશનનો મુખ્ય હેતુ નશા માટે દુરુપયોગ થઈ શકે તેવી ગંભીર અને પ્રતિબંધિત દવાઓ જેવી કે કોડીન, અલ્પ્રાઝોલમ, નાઈટ્રાઝેપામ, ટ્રામાડોલ અને ઝોલપીડેમ વગેરેના ગેરકાયદે ખરીદ-વેચાણના નેટવર્કને સંપૂર્ણપણે તોડી પાડવાનો છે.





આ મેગા ઓપરેશનની ચોંકાવનારી વિગતો આપતા આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, આ વિશેષ ઝુંબેશ હેઠળ તંત્રની અલગ-અલગ ટીમો દ્વારા રાજ્યની કુલ ૨૦૮ શંકાસ્પદ ફાર્મસી અને પેઢીઓમાં એકસાથે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન ભારે ઓન-રેકોર્ડ ગેરરીતિઓ સામે આવી છે, જેમાં દવાઓના સ્ટોક અને હિસાબોમાં મોટી વિસંગતતાઓ જણાતા ૧૩૧ પેઢીઓને કારણદર્શક (શો-કોઝ) નોટિસ ફટકારવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે કાયદાનો સરેઆમ ભંગ કરનારી અને ગંભીર વહીવટી નિયમભંગ આચરનારી ૭૨ પેઢીઓના વેપાર પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકીને દુકાનો સીલ કરી દેવાઈ છે અને તેમનું ખરીદ-વેચાણ સંપૂર્ણ બંધ કરાવાયું છે. આ ઉપરાંત, બજારમાં વેચાતી દવાઓની ગુણવત્તાનું સચોટ મૂલ્યાંકન કરવા માટે તંત્ર દ્વારા સ્થળ પરથી ૫૫ જેટલા દવાઓના સેમ્પલ પણ લેબોરેટરી ચકાસણી અર્થે લેવામાં આવ્યા છે.

આરોગ્ય મંત્રીએ કડક શબ્દોમાં ચેતવણી આપતા સ્પષ્ટ કર્યું છે કે, ડોક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના કે અન્ય કોઈ પણ શંકાસ્પદ રીતે આવી કટોકટીની દવાઓનું વેચાણ કરનારાઓ સામે તંત્ર આગામી દિવસોમાં વધુ લાલઆંખ કરશે. હાલ જે ૧૩૧ પેઢીઓને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે, તેમના જવાબો બાદ લાયસન્સ સસ્પેન્ડ કરવા અથવા તો કાયમી ધોરણો પર રદ કરવા સુધીની કડક વહીવટી અને કાનૂની કાર્યવાહી તોળાશે. એટલું જ નહીં, જે કિસ્સાઓમાં ગંભીર ગુનાહિત માનસિકતા જણાશે તેવી પેઢીઓ અને તેના સંચાલકો વિરૂદ્ધ કાયદેસરની ફોજદારી (ક્રિમિનલ) ફરિયાદ નોંધી જેલભેગા કરવા સુધીના પગલાં ભરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર ગુજરાતના યુવાધનને નશાના કાળા કારોબારથી બચાવવા અને ફાર્મસી ક્ષેત્રે ૧૦૦ ટકા પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે અને નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત કરનારા તત્વોને કોઈપણ કાળે સાંખી લેવામાં નહીં આવે.

### નશાકારક દવાઓના કાળાબજારને નાબૂદ કરવા સરકારનો રોડમેપ

રાજ્યમાં પ્રિસ્ક્રિપ્શન આધારિત દવાઓના થતા દુરુપયોગ અને તેના ગાળાબજારને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે સરકાર આગામી દિવસોમાં વધુ આકરા અને ટેકનોલોજી આધારિત પગલાં ભરવા જઈ રહી છે. આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, માત્ર દરોડા પૂરતું સીમિત ન રહેતા, આવી પ્રતિબંધિત દવાઓ ફાર્મસી સુધી ક્યાંથી સપ્લાય થાય છે તેના મૂળ સુધી પહોંચવા માટે ખાસ 'ટ્રેક એન્ડ ટ્રેસ' સિસ્ટમ મજબૂત કરવામાં આવશે. ખાસ કરીને નાઈટ્રાઝેપામ, ટ્રામાડોલ કે કોડીન જેવી ઓવર-ધ-કાઉન્ટર ન વેચી શકાય તેવી દવાઓના મેન્યુફેક્ચરિંગ યુનિટથી લઈને હોલસેલર અને રીટેલર સુધીના તમામ ટ્રાન્ઝેક્શનનું ડિજિટલ ઓડિટ કરવામાં આવશે, જેથી કયો સ્ટોક ક્યાં ગેરકાયદે ડાયવર્ટ થયો તે તુરંત પકડી શકાય.

આ ઉપરાંત, યુવાધનને બચાવવાના આ મહાઅભિયાનમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર **(FDCA)** ની સાથે રાજ્યની સ્થાનિક પોલીસ, એન્ટી નાર્કોટિક્સ સેલ અને સાયબર ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ઓપરેશનલ ટીમ **(Joint Task Force)** કાર્યરત કરવામાં આવશે. શૈક્ષણિક સંસ્થાઓ, સ્કૂલ-કોલેજો અને હોસ્ટેલ વિસ્તારોની આસપાસ આવેલી ફાર્મસીઓ પર ગુપ્ત વોચ **(Undercover Surveillance)** રાખવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરતા પેડલર્સ અને મેડિકલ સ્ટોર્સને આસાનીથી ઝડપી શકાય. જે મેડિકલ સ્ટોર્સ સીસીટીવી **(CCTV)** કેમેરા વિના અથવા રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં આવી ગંભીર દવાઓનું વેચાણ કરતા પકડાશે, તેમના લાયસન્સ માત્ર સસ્પેન્ડ નહીં પરંતુ કાયમી ધોરણે રદ **(Blacklist)** કરીને કાયદાકીય કડક પગલાં લેવાશે. સરકારના આ આકરા વલણની સાથે-સાથે સામાજિક જાગૃતિ માટે પણ વિશેષ અભિયાન ચલાવવામાં આવશે. કેમિકલ યુક્ત નશાના ચુંગાલમાં ફસાયેલા યુવાનોને બહાર લાવવા માટે જિલ્લા કક્ષાએ કાઉન્સેલિંગ સેન્ટરો અને ડ્રગ ડી-એડિક્શન (વ્યસન મુક્તિ) કેન્દ્રોની સંખ્યા વધારવામાં આવશે. તેમજ ફાર્મસી એસોસિએશનો સાથે મળીને 'નો પ્રિસ્ક્રિપ્શન, નો મેડિસિન' ના કડક નિયમનું પાલન કરાવવા માટે ઓનલાઈન પોર્ટલ પર રોજિંદા વેચાણના ડેટા અપલોડ કરવાનું પણ ફરજિયાત બનાવવાની દિશામાં સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે, જેથી ભવિષ્યમાં કોઈ પણ ચમરબંધી યુવાનોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ ન કરી શકે.

### ગુજરાત જેલ વિભાગની અનોખી પહેલ

# કેદીના પુનર્વસન-શિક્ષણ માટે MOU કરાયા

## જેલ ખાતે બંદીવાનોના તેજસ્વી બાળકો માટે ''એક નઈ ઉમ્મીદ'' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજ્યના જેલ અને સુધારાત્મક વહીવટ વિભાગ દ્વારા જેલમાં સજા ભોગવી રહેલા બંદીવાનો અને તેમના પરિવારોના ઉત્થાન માટે એક અત્યંત પ્રશંસનીય અને માનવતાવાદી પગલું ભરવામાં આવ્યું છે.ગઈ કાલે તા. ૧૧/૦૬/૨૦૨૬ના રોજ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે એક નઈ ઉમ્મીદ યોજના અંતર્ગત એક વિશેષ પ્રોત્સાહન અને સન્માન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જેલમાં રહેલા બંદીવાનો તથા તેમના બાળકોને શિક્ષણમાં પ્રોત્સાહન પૂરું પાડવાનો હતો. વર્ષ-૨૦૨૬ માં ધોરણ-૧૦, ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસની પરીક્ષાઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરનાર રાજ્યની અલગ-અલગ જેલોના બંદીવાનોના કુલ ૧૮ તેજસ્વી બાળકો તેમના સગા-સંબંધીઓ સાથે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત રાજ્યના જેલોના વડા ઉત્રક્ષ્ક્ષ ડો. કે. એલ. એન. રાવના વરદ્હસ્તે આ તમામ બાળકોને રોકડ પુરસ્કાર અને પ્રશંસાપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડો. રાવે તમામ બાળકોને ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી અને એક નઈ ઉમ્મીદ યોજનાના લાભો વિશે વિગતવાર માહિતી આપી બંદીવાનો અને તેમના પરિવારોને પ્રેરિત કર્યા હતા.


બંદીવાનોના જીવનમાં સુધારા તરફ આગળ વધતા, આ જ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ગઈઘજ (ગફશિંજ્ઞક્ષફહ ઈંક્ષતશિીંયિં જ્ઞર ઘાયક્ષ જ્ઞભવજ્ઞજ્ઞહશક્ષલ) સાથે એક મહત્વપૂર્ણ ખઘઞ કરવામાં આવ્યા છે. આ ખઘઞ અંતર્ગત જેલના બંદીવાનો ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ જેલની અંદર જ રહીને પૂર્ણ કરી શકશે. જે બંદીવાનોનો અભ્યાસ ભૂતકાળમાં છૂટી ગયો છે, તેઓ કોઈપણ ધોરણથી ફરી પ્રવેશ મેળવી શકશે.

ભવિષ્યમાં ગઈઘજ દ્વારા જેલના કેદીઓ માટે વિવિધ પ્રકારના વ્યાવસાયિક અને કૌશલ્યલક્ષી (જસશહહ-બફતયમ) અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવશે, જે જેલમુક્તિ બાદ તેમના પુનર્વસન અને રોજગારી માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.આ સમગ્ર નવતર પહેલ અને કાર્યક્રમનું આયોજન ગુજરાત જેલના વડા ઉત્રક્ષ્ક્ષ ડો. કે. એલ. એન. રાવ અને ઉઈંૠ રાકેશ પી. બારોટના સક્ષમ માર્ગદર્શન હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલના અધિક્ષક ગૌરવ અગ્રવાલના સીધા સુપરવિઝનમાં કરવામાં આવ્યું હતું.

જેલોના વડા ડો. કે. એલ. એન. રાવ દ્વારા સમાજના વંચિત વર્ગના બાળકો અને બંદીવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને શરૂ કરાયેલી શિક્ષણ ક્ષેત્રની આ નવી પહેલને સર્વત્ર બિરદાવવામાં આવી રહી છે.

### પ્રમુખ પ્રોફે. જયદિપસિંહ ડોડિયાના અધ્યક્ષસ્થાને યોજાનારી એજીએમમાં પ્રકૃતિ જતન કાજે વ્યાપક વૃક્ષારોપણ અભિયાન અંગે થશે વિસ્તૃત ચર્ચા; શહેરના વરિષ્ઠ અગ્રણીઓ-મહાનુભાવો આપશે હાજરી

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી હાઉસિંગ સોસાયટીની રવિવારે ૫૪મી વાર્ષિક સાધારણ સભા



રાજકોટ, તા.૧૨

તાજેતરમાં જ સુવર્ણ જયંતિ વર્ષની ખૂબ જ ઉમંગભેર ઉજવણી કરનાર અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રતિષ્ઠિત 'સ્માર્ટ સોસાયટી'નો દરજ્જો મેળવનારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.ની ૫૪મી વાર્ષિક સાધારણ સભા **(AGM)** આગામી તા. ૧૪/૦૬/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે સોસાયટીના પ્રમુખ અને જાણીતા શિક્ષણવિદ પ્રોફે. જયદિપસિંહ કે. ડોડિયાના ગરિમાપૂર્ણ અધ્યક્ષસ્થાને રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં યોજાશે. રાજકોટની મોડેલ સોસાયટી તરીકે ઉભરેલી આ વસાહતની વાર્ષિક સભાને લઈને સભ્યોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ આગામી રવિવારે મળનારી ઉચ્ચ સ્તરીય સાધારણ સભામાં સોસાયટીના ઉપપ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ સજી મેથ્યુ, માનદ મંત્રી અને સીઝન્સ સ્ક્વેર ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ પરમાર, સહમંત્રી અને બિલ્ડર રમેશ સભાયા, પૂર્વ ઉપકુલપતિ ડો. અનામિક શાહ, ડો. દર્શન ભટ્ટ, ડી. પી. ત્રિવેદી, શ્રીમતિ તૃપ્તિબેન અમરેલિયા, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, ઉદ્યોગપતિ શ્રીજીથ સુકુમારન નાયર, શૈક્ષણિક અને સામાજિક અગ્રણીઓ સર્વશ્રી કૈલેશકુમાર તન્ના, જીતેશકુમાર પંડિત, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, પ્રો. પી. એચ. પરસાણીયા, ઉદ્યોગપતિ ભરતભાઈ વાછાણી, ડો. ચૈતન્યસિંહ ગોહિલ, દિનેશભાઈ ભુવા, એડવોકેટ મિહિરભાઈ ત્રિવેદી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યેશભાઈ કગથરા, ઉપેન્દ્રભાઈ એન. પંડ્યા, એન. એસ. ઉપાધ્યાય, હસમુખ સી. જોશી, સી. એન. વેકરીયા તેમજ રસિકભાઈ ડોબરીયા સહિતના શહેરના પ્રતિષ્ઠિત વરિષ્ઠ સદસ્યો અને પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સોસાયટીના વિકાસ કાર્યોને બિરદાવશે.

આ વર્ષે સોસાયટી પ્રશાસન દ્વારા પર્યાવરણની જાળવણી અને ગ્રીનરી વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. 'સ્માર્ટ સોસાયટી'ના ક્લીન અને ગ્રીન અભિગમને વધુ વેગ આપવા માટે આગામી દિવસોમાં સોસાયટીના સમગ્ર પરિસરમાં વ્યાપક અને આયોજનબદ્ધ પ્રમાણમાં વૃક્ષારોપણ **(Mass Tree Plantation Drive)** કરવાનું નક્કી કરાયું છે. આ પર્યાવરણીય સંકલ્પને સિદ્ધ કરવા માટે સોસાયટીના તમામ સભ્યોનો સક્રિય સહયોગ અને લોકભાગીદારી મેળવવા બાબતે રવિવારની આ ૫૪મી વાર્ષિક સાધારણ સભામાં સભ્યો વચ્ચે વિસ્તૃત અને સકારાત્મક ચર્ચા-વિચારણા કરીને આગામી મજબૂત રોડમેપ તૈયાર કરવામાં આવશે તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.

# રાજ્યભરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની મેગા ડ્રાઈવ

## સુરતમાંથી ૧૧.૨૬ લાખનું શંકાસ્પદ ઘી જપ્ત, આઈસ્ક્રીમ અને મઠોના ૧૮૩થી વધુ નમૂના લેવાયા




ગાંધીનગર, તા.૧૨

લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર અને ગ્રાહકોને ગેરમાર્ગે દોરનારા અસામાજિક તત્વો સામે ગુજરાત સરકારે લાલઆંખ કરી છે. રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ અન્વયે ખાદ્ય પદાર્થોમાં સંપૂર્ણ પારદર્શિતા અને શુદ્ધતા સુનિશ્ચિત કરવા માટે આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં વિશેષ ચેકિંગ ડ્રાઇવ અને દરોડા પાડવાની વ્યાપક કામગીરી શરૂ કરવામાં આવી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રની તાજેતરની મોટી કાર્યવાહી અંગે માહિતી આપતા મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરની ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા સુરતના માંગરોળ તાલુકાના લીંડીયાડ સ્થિત 'દેવકુંજ મિલ્ક પ્રોડક્ટસ પ્રાઈવેટ લીમીટેડ' ખાતે ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન ફૂડ સેફ્ટી ઓફિસર્સે સ્થળ પરથી અંદાજે ૧૧.૨૬ લાખની કિંમતનો ૧૬૦૩ લિટર શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલા ઘીના સેમ્પલ તાત્કાલિક લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલી આપવામાં આવ્યા છે અને લેબ રિપોર્ટના આધારે આગામી સમયમાં સંચાલકો સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરાશે. મંત્રીશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે, કાયદાનું ઉલ્લંઘન કરનાર કોઈપણ ચમરબંધીને છોડવામાં આવશે નહીં અને રાજ્યના પ્રત્યેક નાગરિકને સુરક્ષિત, પ્રમાણિત તેમજ ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ કરાવવા માટે સરકાર મક્કમ છે.

મંત્રીએ આ ઝુંબેશ અંગે વધુ વિગતો આપતા ઉમેર્યું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા હાલ સમગ્ર રાજ્યમાં આઇસક્રીમ, ફ્રોઝન ડેઝર્ટ, ખંડ અને મઠોના વેચાણ સંદર્ભે વિશેષ તપાસ પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. ઉનાળાની સિઝનને ધ્યાનમાં રાખીને ફૂડ સેફ્ટી અધિકારીઓની અલગ-અલગ ટીમોએ મોટા ઉત્પાદકો, હોલસેલર્સ અને ડેરીઓ પર સઘન દરોડા પાડીને અત્યાર સુધીમાં ૧૮૩ થી વધુ શંકાસ્પદ સેમ્પલ લીધા છે. આ કાર્યવાહી પાછળનો મુખ્ય હેતુ સ્પષ્ટ કરતા મંત્રીએ જણાવ્યું કે, **FSSAI**ના નિયમોનુસાર આઈસક્રીમ-ફ્રોઝન ડેઝર્ટ અને ખંડ-મઠો એ તદ્દન અલગ-અલગ પ્રોડક્ટ્સ છે. આઈસ્ક્રીમમાં મુખ્યત્વે મિલ્ક ફેટ એટલે કે દૂધની ચરબી હોય છે, જ્યારે ફ્રોઝન ડેઝર્ટમાં વેજીટેબલ ફેટ કે એડિબલ વેજીટેબલ ઓઈલનો ઉપયોગ થાય છે. આથી બજારમાં ફ્રોઝન ડેઝર્ટને આઈસ્ક્રીમ તરીકે વેચવું એ ગ્રાહકો સાથે સીધી છેતરપિંડી છે. આવી જ રીતે, ખંડ માટે ચોક્કસ કાયદાકીય ધોરણો નક્કી કરાયા છે, જ્યારે મઠો એ પરંપરાગત દૂધ આધારિત અલગ ઉત્પાદન છે. તેને એકબીજાના નામે વેચવું એ કાયદા મુજબ ગંભીર ગુનો **(Misbranding L¡$ Misleading Sale)** ગણાય છે. ગ્રાહકોને અંધારામાં રાખીને થતું આવું ભેળસેળયુક્ત વેચાણ નાગરિકોના સ્વાસ્થ્ય અને તેમના ગ્રાહક અધિકારો સાથે ગંભીર ચેડાં સમાન હોવાથી તંત્ર આગામી દિવસોમાં આ ઝુંબેશ વધુ કડક બનાવશે.

# હિંગળાજનગરના ૭૦ ઝૂંપડા પર ફરશે બુલડોઝર

## મનપાએ ફટકારી નોટિસઃ ચોમાસાની સિઝન નજીક હોવા છતાં નોટિસ મળતા સ્થાનિકોમાં રોષ



રાજકોટ, તા. ૧૨

મહાનગરપાલિકા સહિત કલેકટર અને રૂડા કચેરી દ્વારા ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ હાલ મહાનગરપાલિકા પણ એક્શન મોડમાં આવી ગયું છે અને મનપાની હદમાં આવેલા જે પણ દબાણો છે તેને તાકીદે દૂર કરવાના આદેશો પણ કરી દેવાય હોવાનું હાલ સંબંધિત વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. ત્યારે વેસ્ટ ઝોનનાં અમીન માર્ગ પર સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ નજીક નવર્મિત ટ્વીન્સ ટાવર પાસેનાં હિંગળાજનગરમાં લાંબા સમયથી ખડકાયેલા ૭૦ જેટલાં ઝુપડા ખાલી કરવા મહાપાલિકાએ નોટિસ આપી છે. તેમજ વિજીલન્સ વિભાગને સાથે રાખીને આ પ્લોટનું ડિમાર્કેશન પણ કરવામાં આવ્યું છે. જોકે અહીં રહેતા લોકો ૫૦ વર્ષ કરતા વધુ સમયથી વસવાટ કરતા હોવાથી તેમને ૧૫ દિવસમાં ખાલી કરવાની નોટિસ અપાતા ભારે રોષ જોવા મળ્યો છે. ચોમાસા બાદ આ કાર્યવાહી કરાય અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી માગ આ વિસ્તારના લોકો કરી રહ્યા છે.

અમીન માર્ગ પર સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ નજીક આવેલો આ પ્લોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા હસ્તકનો છે. આ ટીપી પ્લોટમાં દાયકાઓ જૂની ઝૂંપડપટ્ટી આવેલી છે, જેને ખાલી કરાવવા મનપાએ અગાઉ પણ વહીવટી પ્રક્રિયા હાથ ધરી હતી, પરંતુ મામલો અદાલતમાં જતાં કામગીરી અટકી પડી હતી. તાજેતરમાં જ આ કાનૂની વિવાદનો ચુકાદો મહાનગરપાલિકાની તરફેણમાં આવતાં હવે તંત્ર માટે દબાણો દૂર કરવાનો માર્ગ મોકળો બન્યો છે. આ જમીન પર પીપીપી ધોરણે આવાસ યોજના આકાર લેનાર છે, જેમાં મનપા દ્વારા ૨૦ ટકા જગ્યા ફાળવવામાં આવશે. વેસ્ટ ઝોનના એટીપી ભાર્ગવ બારેવાડિયા દ્વારા સ્થાનિકોને કલમ ૨૬૦-૨ હેઠળ સ્વેચ્છાએ જગ્યા ખાલી કરવા ૧૫ દિવસની આખરી ચેતવણી આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ શહેરમાં હજુ પણ ઘણી ખરી જગ્યાએ દબાણો થયેલા છે જેને દૂર કરવા માટે હાલ મહાનગરપાલિકા દ્વારા જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે માત્ર રહેઠાણ અથવા તો કોમર્શિયલ જગ્યામાં ખડકેલા દબાણો જ નહીં પરંતુ ધાર્મિક દબાણો દૂર કરવાની કામગીરી પણ તંત્રએ શરૂ કરી છે.

# લોકમેળા માટે ૨૦ સમિતિઓની રચના

## કલેકટરના અધ્યક્ષ સ્થાને આયોજન બેઠકઃ માઈક્રો પ્લાનિંગ પર મુકાશે ભાર




રાજકોટ, તા. ૧૨

રાજકોટ જિલ્લા કલેક્ટર અને લોકમેળા સંકલન સમિતિના અધ્યક્ષ ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને ગઈકાલે કલેક્ટર કચેરી ખાતે લોકમેળા-૨૦૨૬ના આયોજનને લઈને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન લોકમેળાના સુચારુ અને સફળ આયોજન માટે રચાયેલી આશરે ૨૦ જેટલી સમિતિઓની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા કલેક્ટરે લોકમેળાના આયોજનમાં સંકળાયેલા તમામ વિભાગોના અધિકારીઓને માઈક્રો પ્લાનિંગના અભિગમ સાથે કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી. લોકમેળાના લે-આઉટથી લઈને ઉદઘાટન અને સમગ્ર આયોજન દરમિયાન જરૂરી તમામ આગોતરી તૈયારીઓ સુનિશ્ચિત કરવા તેમજ સંબંધિત વિગતો સમયસર ઉપલબ્ધ કરાવવા તેમણે ભાર મૂક્યો હતો.

વધુમાં, દરેક વિભાગ દ્વારા ક્વિક રિસ્પોન્સ ટીમની રચના કરવામાં આવે તેમજ કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં ત્વરિત પ્રતિસાદ મળી રહે તે માટે કોમન કંટ્રોલ રૂમ સ્થાપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. લોકમેળા દરમિયાન આરોગ્ય સેવાઓને વધુ સશક્ત બનાવવા બાઈક એમ્બ્યુલન્સની વ્યવસ્થા અંગે પણ વિચારણા કરવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, ગત વર્ષના લોકમેળાના આયોજનમાંથી પ્રાપ્ત થયેલા અનુભવોના આધારે આ વર્ષે વધુ અસરકારક આયોજન માટે ક્રાઉડ મેનેજમેન્ટ અને ઈમરજન્સી રૂટ અંગે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટરે ડ્રોન મારફતે મળેલા ક્રાઉડ મોનિટરિંગ ડેટાનું વિશ્લેષણ કરી, કયા દિવસે, કયા સ્થળે અને કયા સમયે વધુ માનવમેદની એકત્રિત થતી હોય છે તેની ચોક્કસ માહિતીના આધારે આયોજન કરવા અંગે વિગતવાર ચર્ચા વિમર્શ કર્યો હતો. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર જે. એચ. બારોટ, આસિસ્ટન્ટ કલેક્ટર ટીના કલ્યાણ, ડી.સી.પી. રાકેશ દેસાઈ, પ્રાંત અધિકારીઓ તેમજ આરોગ્ય, માર્ગ અને મકાન, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સહિત મેળાના આયોજન સાથે સંકળાયેલા વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રેલનગરમાં ધાર્મિક દબાણો થશે દૂર

## મનપાના ટીપી વિભાગે ફટકારી નોટિસ : સ્થાનિકોમાં ભભૂક્યો રોષ

રાજકોટ, તા..૧૨

મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ઘણા સમયથી અનેકવિધ પ્રોજેક્ટનું ડિમોલિશન કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું અને થોડા સમય પૂર્વે જ અનેક ધાર્મિક દબાણો પણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી ત્યારે ફરી એક વખત મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ત્રણ ના રેલનગર વિસ્તારમાંથી ધાર્મિક દબાણો દૂર કરવા માટે નોટિસો પણ પાઠવી દીધી છે.ટીપી શાખા દ્વારા ગત મહિને ૧૨ ધર્મસ્થાનો ઉપર બુલડોઝર ફેરવી દેવાયું હતું. ટાઉન પ્લાનિંગ બ્રાન્ચ દ્વારા ફરી સર્વે હાથ ધરીને વોર્ડવાઈઝ નોટિસો ફટકારવાનું ચાલુ રખાયું છે. જેમાં રેલનગર વિસ્તારમાં રામેશ્વર પાર્ક નજીક આવેલા વિસ્તારના રહીશોની આસ્થાના કેન્દ્ર સમા સેતુબંધ રામેશ્વર મહાદેવને ડિમોલિશનની નોટિસ આપવામાં આવતા ભાવિકોમાં રોષની લાગણી પ્રસરી છે.

આ વિસ્તારના લોકોના જણાવ્યા મુજબ, આ મહાદેવ મંદિરને ડિમોલિશનની નોટિસ ફટકારતા રેલનગર અને રામેશ્વર પાર્ક વિસ્તારના લોકો બે દિવસ પહેલા મેયર પાસે આવ્યા હતા. આ મંદિર કોઈને નડતર રૂપ નથી તેમજ વાહન વ્યવહારમાં પણ અડચણરૂપ ન હોય ડિમોલિશન રોકવા માટે માંગણી કરી હતી. જેના અનુસંધાને મેયરે તેમની રજૂઆત સાંભળીને વિભાગ પાસેથી વિગત મંગાવવા ખાતરી આપી હતી.

સેન્ટ્રલ ઝોનમાં આવી નોટીસો સામે રજુઆતો શરૂ થઇ ગઇ છે. ખાસ કરીને ચોમાસા પૂર્વે ટીપી શાખા છેલ્લા નાના મોટા ડિમોલીશન કરવાની તૈયારીમાં હોય, સાંસદ, ધારાસભ્યો સુધી રજુઆતો થવા લાગી છે. મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન વિભાગ દ્વારા થોડા સમય પૂર્વે જ મવડી વિસ્તારમાં આવેલા ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યા હતા ત્યારે હવે રેલનગરમાં જે દબાણ ઊભા થયેલા છે તેને દૂર કરવા માટેની નોટિસો પાઠવી દેવામાં આવી હતી જેની સામે સ્થાનિક લોકોએ પણ રોષ વ્યક્ત કર્યો છે અને આ કામગીરી ન કરવા માટે તંત્રને રજૂઆત પણ કરી હોવાનું જાણવા મળ્યું છે.

# ચોમાસા પૂર્વે જેતપુર હાઈવેનું કામ તેજ કરો

## કોંગ્રેસ પક્ષના ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીને પાઠવ્યું આવેદન



રાજકોટ, તા. ૧૨

રાજકોટ જેતપુર સિક્સલેન હાઈવે નહીં કામગીરીને લઈને કલેકટરે જણાવ્યું હતું કે આ કામ આશરે ૭૦% પૂર્ણ થઈ ચૂક્યું છે ત્યારે ગઈકાલે કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે નેશનલ હાઈવે ઓથોરિટી ને આવેદનપત્ર પાઠવી જણાવ્યું હતું કે ખાસ આ જે કામગીરી ચાલી રહી છે તે ઝડપથી પૂર્ણ કરી દેવામાં આવે જેથી લોકોને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે. રોહિતસિંહ રાજપૂતે રજૂઆતમાં ખાસ ઉલ્લેખ કર્યો છે કે આગામી ચોમાસાને ધ્યાનમાં રાખી ગયા વર્ષ દરમિયાન જ્યાં જ્યાં કલાકો સુધી ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાઈ હતી તે તમામ સ્થળોની તાત્કાલિક ઓળખ કરી તેના કારણોનું તકનીકી મૂલ્યાંકન કરવામાં આવે અને ચોમાસા પૂર્વે અસરકારક ઉકેલ અમલમાં મૂકવામાં આવે. હાઈવે પર ચાલતી ઓવરબ્રિજ, અંડરપાસ તથા અન્ય બાંધકામની કામગીરીને કારણે વાહન વ્યવહાર જે સર્વિસ રોડ પરથી પસાર થાય છે.

તે તમામ સર્વિસ રોડનું લેવલિંગ, મજબૂતીકરણ, ખાડા પુરવાની કામગીરી, પાણી નિકાલ વ્યવસ્થા તથા જરૂરી સમારકામ તાત્કાલિક પૂર્ણ કરવાની માંગ પણ કરવામાં આવી છે. પ્રિ-મોન્સૂન કામગીરીમાં કોઈ પ્રકારની ઢીલાશ ન રહે તે માટે હાઈવેના અલગ-અલગ કિલોમીટર વિભાગો માટે ગઇઅઈના જવાબદાર અધિકારીઓની નિમણૂક કરી તેમની સીધી દેખરેખ હેઠળ કામગીરી પૂર્ણ કરાવવાની તેમજ કામગીરી માટે સ્પષ્ટ જવાબદારી નક્કી કરવાની માંગ કરવામાં આવી છે. રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે ટ્રાફિક ચક્કાજામના કારણે દરરોજ હજારો લીટર ઇંધણનો બિનજરૂરી બગાડ થાય છે, જેના કારણે વાહનચાલકોને આર્થિક નુકસાન ભોગવવું પડે છે. વૈશ્વિક સ્તરે ઇંધણની વધતી માંગ અને કિંમતો વચ્ચે આ પ્રકારનો બગાડ ચિંતાજનક છે.ત્યારે લોકોને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે અને પાણી ભરાવાના પ્રશ્નો હાઈવે પર ન થાય તે માટે બાકી રહેલી કામગીરી ઝડપથી આટોપી લેવામાં આવે તે ખૂબ જરૂરી છે. જે અંગે એક નહીં અનેકવિધ સવાલો તંત્રની કામગીરી પર ઉઠી રહ્યા છે.

# ડિફેન્સ- એરોસ્પેસ પોલીસી ફરી શરૂ કરો

## ડિસેમ્બર ૨૦૨૫ માં પૂર્ણ થયેલી પોલીસીને ફરી વેગવંતી બનાવવા ચેમ્બરની સરકારને રજૂઆત

રાજકોટ, તા. ૧૨

રાજકોટ સૌરાષ્ટ્ર ઉદ્યોગોનું હબ માનવામાં આવી રહ્યું છે અહીંના ઉદ્યોગો વિશ્વભરમાં પોતાની એક અલગ જ છાપ પ્રસ્થાપિત કરી છે ત્યારે હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો એ વાત સ્પષ્ટ છે કે સરકાર જો ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે તો એ દિવસ દૂર નથી કે રાજકોટ વિશ્વમાં પોતાની એક અલગ જ છાપ પ્રસ્થાપિત કરશે. ત્યારે કેન્દ્ર સરકાર ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસી થકી રાજ્યના તથા દેશના ઉદ્યોગકારોને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરી રહી છે પરંતુ ગુજરાત રાજ્યની ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસી ૨૦૨૫ ના ડિસેમ્બરમાં જ પૂર્ણ થઈ ચૂકી છે અને તે હજી સુધી શરૂ થઈ નથી. ત્યારે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ પોલીસીને ફરી વખત શરૂ કરવામાં આવે તે માટે સરકારને ખાસ પત્ર પણ પાઠવ્યો છે.



ગુજરાત રાજ્યની ડિફેન્સ અને એરોસ્પેસ પોલિસી ગત ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, આજ દિન સુધી આ પોલિસીની પુનઃરચના અથવા નવી પોલિસી અંગે સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવાયો નથી. જેના કારણે ઝડપથી વિકાસ પામી રહેલા આ ક્ષેત્રના ઉદ્યોગકારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ ગંભીર મુદ્દે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ લેખિત રજૂઆત કરીને તાત્કાલિક નવી ડિફેન્સ અને એરોસ્પેસ પોલિસી અમલમાં મૂકવા માંગ કરી છે.

રાજકોટ અને તેની આસપાસ હાલમાં ૨૫૦થી પણ વધારે ડિફેન્સ અને એરોસ્પેસના ઉદ્યોગો કાર્યરત છે. આ એકમો દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે ઉર્ઇઉઘ, ઇંઅક, ઇઊક, ઇંઇઊક, ઇંજીધ્ય, ઓર્ડનન્સ ફેક્ટરીઓ, હેવી વ્હીકલ ફેક્ટરી, રાઈફલ ફેક્ટરી અને ભારતીય સશસ્ત્ર દળોને વિવિધ પાર્ટસ સપ્લાય કરે છે. નવી પોલિસી જાહેર ન થવાના કારણે સ્થાનિક ઉદ્યોગકારોને નવા ઓર્ડર મેળવવામાં અને નવા પ્રોજેક્ટ શરૂ કરવામાં અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

પરિણામે, કેટલાક ઉદ્યોગો નાછૂટકે ગુજરાત છોડીને અન્ય રાજ્યોમાં પ્રસ્થાપિત થવા લાગ્યા છે, જે રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે મોટું નુકસાન સમાન છે. પોલિસીના વિલંબથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ''આત્મનિર્ભર ભારત અને ''વિકસિત ભારત૨૦૪૭ વિઝનને પણ વિપરીત અસર પહોંચી રહી છે.

રાજકોટ ચેમ્બર દ્વારા છેલ્લા ૪ થી ૫ વર્ષથી સતત રજૂઆત કરવામાં આવી રહી છે કે, રાજકોટ ડિફેન્સ અને એરોસ્પેસના પાર્ટસનું ઉત્પાદન કરતું અગ્રણી હબ છે. આથી, આગામી નવી પોલિસીમાં સમગ્ર સૌરાષ્ટ્ર રીજીઓનનો ખાસ સમાવેશ કરી ઉદ્યોગોને જંત્રીના ૨૫% દરે જમીન ફાળવવી જોઈએ, જેથી આ ક્ષેત્રને મોટો વેગ મળે અને ભારત સરકારના સંરક્ષણ સાધનોના એક્સપોર્ટના લક્ષ્યાંકને સાર્થક કરી શકાય. આ ઉપરાંત, રાજકોટમાં આશરે ૧,૦૦૦થી વધુ ફોર્જિંગ અને કાસ્ટિંગના યુનિટો આવેલા છે,જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ડિફેન્સ ક્ષેત્ર સાથે જોડાયેલા છે. આ તમામ એકમોને સરકારી સુવિધાઓ એક જ સ્થળે મળી રહે તે માટે રાજકોટ ખાતે 'ડિફેન્સ એન્ડ એરોસ્પેસ ક્લસ્ટર' ડેવલપ કરવું ખૂબ જ જરૂરી બન્યું છે. સરકાર આ બાબતે તાકીદે યોગ્ય નિર્ણય કરે તેવી ઉદ્યોગજગતમાં માંગ ઉઠી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# નગરયાત્રાએ નીકળી પડો

## પદાધિકારીઓ અને તંત્ર સાથે ફરીને સ્થળ પર જ પ્રશ્ન નિકાલ કરી શકે




શાસન અને પ્રશાસન જ્યારે લોકોના ઘરઆંગણે પહોંચે ત્યારે જ લોકશાહી સાચા અર્થમાં સાર્થક થાય છે. અત્યારની વ્યવસ્થામાં મહાનુભાવો લોકોને ઓફિસમાં બોલાવીને રજૂઆત સાંભળે છે. આ એક લાંબી અને કંટાળાજનક પ્રક્રિયા છે. સામાન્ય માણસને પોતાના કામ માટે વારંવાર ધક્કા ખાવા પડે છે. હવે આ પદ્ધતિ બદલવાની તાતી જરૂર છે.

ખરેખર કામ કરી દેખાડવું હોય તો પનગરયાત્રાથ અનિવાર્ય છે. પોલીસ કમિશનર, કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને મેયર જેવા ઉચ્ચ પદાધિકારીઓએ સાથે મળીને શહેરના ખૂણેખૂણે ફરવું જોઈએ.

આ કોઈ સન્માન યાત્રા નથી, પણ સમસ્યાઓના નિકાલની યાત્રા હોવી જોઈએ. સ્થળ પર જ પ્રશ્નોનો ઉકેલ લાવવાની નક્કર કાર્યવાહી કરવી જોઈએ. લોકો જ્યારે તંત્રને પોતાની શેરીમાં કામ કરતા જોશે, ત્યારે જ તેમને સરકાર સક્રિય હોવાનો અહેસાસ થશે.

રાજકોટની બદહાલત હવે કોઈથી છૂપી નથી. રસ્તાઓ, ગટર, સ્વચ્છતા અને ટ્રાફિક તથા દેશી દારુ,ગુડાગીરી જેવી પાયાની સમસ્યાઓને કારણે લોકોની ધીરજ ખૂટી રહી છે.રાજકોટવાસીઓએ વર્ષોથી માત્ર વાતોના વડા સાંભળ્યા છે.

હવે તેમને શબ્દો નથી જોઈતા, કામ જોઈએ છે. જો ઉચ્ચ અધિકારીઓ અચાનક કોઈપણ વોર્ડમાં મુલાકાત લે, તો જ શહેરની વાસ્તવિક સ્થિતિ સામે આવશે. ફાઈલોમાં ચાલતા કામ અને જમીની હકીકત વચ્ચેનું અંતર ત્યારે જ મટશે.

મેયરે માત્ર બેઠકો કરવાને બદલે કોર્પોરેટર્સને પણ જવાબદારીનું ભાન કરાવવું જોઈએ. જે વોર્ડમાં કામ નથી થતું, ત્યાંના જવાબદાર લોકો પર પગલાં લેવાવા જોઈએ. આ લોલમલોલ માહોલ બંધ થવો જરૂરી છે. વહીવટમાં પારદર્શિતા અને ગતિશીલતા ત્યારે જ આવશે જ્યારે સત્તાધીશો રસ્તા પર ઉતરશે.

નગરયાત્રા એ માત્ર એક કાર્યક્રમ નથી, પણ વહીવટમાં નવો પ્રાણ ફંકવાનો માર્ગ છે. અધિકારીઓએ બંધ રૂમની બહાર નીકળીને જનતાની વચ્ચે જવું પડશે. જ્યારે તંત્ર જનતાના દરવાજે ઉભું હશે, ત્યારે જ સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવશે.

રાજકોટને હવે આત્મવિશ્વાસની જરૂર છે, જે માત્ર કામ કરવાથી જ મળશે. અધિકારીઓ અને પદાધિકારીઓ જનતાના સેવક છે, તેમણે હવે આ ભૂમિકા નિભાવવાનો સમય આવી ગયો છે.

# હુમલાઓ બંધ થવા જોઈએ

## ૩ વાણિજ્યિક જહાજો પર અમેરિકાના હુમલા બાદ ભારતનો કડક સંદેશ



નવીદિલ્હી, તા.૧૨

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષમાં ભારતીયોને વધુને વધુ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ભારતે ગુરુવારે નિરાશા વ્યક્ત કરી હતી કે યુએસ નેવીએ છેલ્લા ચાર દિવસમાં ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ સાથેના ત્રણ વ્યાપારી જહાજો પર હુમલો કર્યો હતો, જેમાં ત્રણ ભારતીયોના મોત થયા હતા. ભારતે આ હુમલાઓ અંગે અમેરિકા સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો હતો. ખાડીમાં સંઘર્ષ ૧૦૦ દિવસથી વધુ સમયથી ચાલી રહ્યો છે. જોકે, પહેલી વાર, નવી દિલ્હીએ જાહેરમાં સ્વીકાર્યું છે કે યુએસ નેવીએ ભારતીય ક્રૂ સાથેના આ ત્રણ જહાજોને નિશાન બનાવ્યા હતા. નવી દિલ્હીએ વોશિંગ્ટનને આ હુમલાઓ સંપૂર્ણપણે બંધ કરવા વિનંતી કરી છે.

અગાઉ, ૮ જૂને, યુએસ સૈન્યએ પલાઉ-ધ્વજવાળા તેલ ટેન્કર નસ્ત્રમેરીવેક્સસ્ત્રસ્ત્ર ને નષ્ટ કરી દીધો હતો, જેમાં ૨૪ ભારતીય ખલાસીઓ હતા. જોકે, તમામ ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ, ૧૦ જૂને, યુએસએ પલાઉ-ધ્વજવાળા અન્ય ટેન્કર, નસ્ત્રસેટેબેલોસ્ત્રસ્ત્ર પર હુમલો કર્યો, જેમાં સવાર ૨૪ ભારતીય ખલાસીઓમાંથી ત્રણના મોત થયા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે પમેરીવેક્સથ, પસેટેબેલોથ અને પજલવીરથ પરના ત્રણ અલગ-અલગ હુમલા નસ્ત્રયુએસ નેવી દ્વારા કરવામાં આવ્યા હતા.સ્ત્રસ્ત્ર

આ હુમલા અંગેની એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે જ્યારે ક્રૂએ નસ્ત્રયુએસ લશ્કરી સૂચનાઓનું પાલન ન કર્યું ત્યારે એક ફાઈટર જેટે જહાજના એન્જિન રૂમમાં બે હેલફાયર મિસાઈલો છોડ્યા પછી પજલવીરથ નસ્ત્રનો નાશસ્ત્રસ્ત્ર કરવામાં આવ્યો હતો. તેમાં ઉમેર્યું હતું કે પજલવીરથ એ નસ્ત્રઈરાની તેલ પરિવહન કરવાનો પ્રયાસ કરીને ઈરાન સામેના નાકાબંધીનું ઉલ્લંઘન કર્યું હતું.સ્ત્રસ્ત્ર

સેટેબેલો પરના હુમલા બાદ, જેમાં ત્રણ ભારતીયોના મોત થયા હતા, વિદેશ મંત્રાલય (ખઊઅ) એ યુએસ ચાર્જ ડીથઅફેર્સ જેસન મીક્સને બોલાવ્યા અને તેમને વિરોધનો ડિમાર્ચ અથવા રાજદ્વારી નોંધ સોંપી. મંત્રાલયો વચ્ચે મીડિયા બ્રીફિંગમાં બોલતા, ખઊઅ પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, નસ્ત્રઅમે અમારા દરિયાઈ સમુદાયની સુખાકારી અને સલામતીને ખૂબ મહત્વ આપીએ છીએ. જ્યારે સેટેબેલો પર હુમલો થયો, ત્યારે અમે યુએસ પક્ષ સાથે સખત વિરોધ નોંધાવ્યો.સ્ત્રસ્ત્ર તેમણે એમ પણ કહ્યું, નસ્ત્રઅમે યુએસ એમ્બેસીના ચાર્જ ડીથઅફેર્સને બોલાવ્યા હતા અને આવા હુમલાઓની સતત ઘટનાઓ પર અમારી ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. અમે અમારો કડક વિરોધ પણ નોંધાવ્યો હતો.સ્ત્રસ્ત્ર

ત્રણમાંથી બે જહાજો યુએસ ટ્રેઝરી ઑફિસ ઑફ ફોરેન એસેટ્સ કંટ્રોલ (ઘત્રશ્ચઅઈ) દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને આધીન હતા, જ્યારે એકને બિન-પાલનકારી માનવામાં આવ્યું હતું. ઘત્રશ્ચઅઈ એ યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટની નાણાકીય ગુપ્તચર અને અમલીકરણ એજન્સી છે અને ઈરાની અને રશિયન તેલના વેચાણ પર યુએસ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરતા જહાજો સામે કાર્યવાહી કરે છે.

વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું, નસ્ત્રઆ ઘટનાઓમાં સામેલ ત્રણેય જહાજો વિદેશી ધ્વજવાળા જહાજો હતા. આમાંથી બે જહાજો પર પલાઉ ધ્વજ લહેરાતો હતો, જ્યારે ત્રીજા પર ગિની-બિસાઉ ધ્વજ લહેરાતો હતો. આ જહાજો ભારતીય માલિકીના નહોતા.સ્ત્રસ્ત્ર યુએસ સેન્ટ્રલ કમાન્ડે સેટેબેલો અને મેરીવેક્સ પરના હુમલાઓની પુષ્ટિ કરી, પરંતુ જલવીર પરના કથિત હુમલાઓ પર કોઈ ટિપ્પણી કરી નહીં. તેમણે એમ પણ કહ્યું કે સીમેન વેલ્ફેર ફંડ સોસાયટીને મૃતકોના દરેક પરિવારને ₹૧૦ લાખની સહાય પૂરી પાડવા માટે કહેવામાં આવ્યું છે.

# નામાંકન રદ કરવાના કેસમાં મીનાક્ષી નટરાજનને ઝટકો

## સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી અરજીઃ રાજ્યસભા ચૂંટણી માટે રિટર્નિંગ ઓફિસરે મીનાક્ષી નટરાજનનું નામાંકન રદ કર્યું હતું



નવીદિલ્હી, તા. ૧૨

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કોંગ્રેસ નેતા મીનાક્ષી નટરાજનની અરજી ફગાવી દીધી હતી. રિટર્નિંગ ઓફિસરે રાજ્યસભા ચૂંટણી માટે તેમનું નામાંકન ફગાવી દીધું હતું. કોંગ્રેસ નેતાએ આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. કોર્ટે તેમની અરજી પર સુનાવણી કરી. કોર્ટે કહ્યું, નસ્ત્રઅમે આ મામલે દખલ કરી શકતા નથી. તમારી અરજી જાળવી શકાય તેવી નથી.સ્ત્રસ્ત્ર સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ફોર્મ ૨૬ માં ફોજદારી કેસોની માહિતી આપવી નિયમો હેઠળ ફરજિયાત છે. ફોર્મ ૨૬ હેઠળ, ઉમેદવારોએ સોગંદનામા દ્વારા વિવિધ માહિતી પૂરી પાડવાની જરૂર છે. ફક્ત તે જ કેસોનો ખુલાસો કરવો જરૂરી નથી જેમાં સંજ્ઞાન લેવામાં આવ્યું હોય અથવા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોય.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પુન્નુ સ્વામી કેસમાં કોર્ટ દ્વારા સ્થાપિત દાખલો એ છે કે કોર્ટ નામાંકન રદ કરવાના મામલામાં દખલ કરી શકતી નથી. કોર્ટે જાહેર કર્યું હતું કે અરજી જાળવી શકાય તેવી નથી. અગાઉના નિર્ણયોમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે ચૂંટણી પ્રક્રિયા શરૂ થયા પછી કોર્ટ દખલ કરી શકતી નથી. ચૂંટણી પ્રક્રિયા શરૂ થયા પછી રિટ અરજી દાખલ કરી શકાતી નથી. ચૂંટણી અરજી દ્વારા જ ઉપાયો માંગી શકાય છે. સુપ્રીમ કોર્ટે નોમિનેશન રદ કરવાના આરઓના નિર્ણયને સમર્થન આપ્યું હતું. કોર્ટના નિર્ણય અંગે, મીનાક્ષી નટરાજને જણાવ્યું હતું કે ચૂંટણી પંચ નિષ્પક્ષ નથી. નસ્ત્રઅમે નિરાશ નથી. અમે જનતા સુધી પહોંચીશું. પક્ષના નેતાઓ સાથે ચર્ચા કર્યા પછી આગળનું પગલું નક્કી કરવામાં આવશે.સ્ત્રસ્ત્ર

સુપ્રીમ કોર્ટમાં મીનાક્ષી નટરાજનનું પ્રતિનિધિત્ કરતા, વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે રિટર્નિંગ ઓફિસરનો આદેશ ખૂબ જ વિચિત્ર છે. જો કેસની નોંધ લેવામાં આવી હોય, તો મારે દર્શાવવું જોઈએ કે આરોપો ઘડવામાં આવ્યા છે. ફરિયાદમાં મારી વિરુદ્ધ કંઈ નક્કર નથી. જો રિટર્નિંગ ઓફિસર મનસ્વી રીતે કાર્ય કરે છે અને ફક્ત એક જ પક્ષને સ્વીકારે છે, તો તેમાં દખલ કરી શકાય છે.

સિંઘવીએ કહ્યું કે મારા પક્ષમાં બંધારણીય બેન્ચના નિર્ણયો છે, અને કોઈ આરોપો ઘડવામાં આવ્યા નથી. તો તેમણે આ માહિતી શા માટે જાહેર કરવી જોઈએ? જો કોઈ ફોજદારી કેસ પેન્ડિંગ હોય, તો ઉમેદવાર તરીકે, તેમણે તે જાહેર કરવું પડશે. હું ચૂંટણી કમિશન પાસે ગયો અને એક કલાક સુધી દલીલ કરી. તેઓ બંધારણના રક્ષક છે, છતાં તેઓ ચૂપ છે. આ નિંદનીય છે.

સિંઘવીએ કહ્યું કે ૯મી તારીખે આદેશ આવ્યો, અમે ૧૦મી તારીખે ચૂંટણી પંચ પાસે ગયા, મેં ૧૧મી તારીખે આ બાબતનો ઉલ્લેખ કર્યો, અને મને ડર હતો કે તેઓ પરિણામો જાહેર કરશે, અને તેમણે ગઈકાલે તેમ કર્યું. સિંઘવીએ કહ્યું, નસ્ત્રધારો કે કાલે ચૂંટણી પંચ લખે છે કે ૨+૨=૬, તો શું તમે કહેશો કે કાયદો ૬ મહિના કહે છે? જો નસીબ ખરાબ હોય, તો ચૂંટણી અરજીનો નિર્ણય લેવામાં ૨-૩ વર્ષ લાગશે. તે ચૂંટણી નહીં જીતી શકે, તે ફક્ત લડતી રહેશે, પરંતુ તમે શરૂઆતમાં જ તેને ખતમ કરી દીધી. તેમનું વર્તન જુઓ, ચૂંટણી પંચ ચૂપ છે.સ્ત્રસ્ત્ર ભાજપે મધ્યપ્રદેશમાં ત્રણેય રાજ્યસભા બેઠકો જીતી લીધી. રિટર્નિંગ ઓફિસરે તરુણ ચુઘ, રજનીશ અગ્રવાલ અને મહેશ કેવતને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા.

# સમુદ્ર હોય કે આકાશ, મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ

## નારી શક્તિના ૧૨ વર્ષ પર વડાપ્રધાન મોદીની પોસ્ટ



નવીદિલ્હી, તા. ૧૨

નારી શક્તિની ૧૨મી વર્ષગાંઠ નિમિત્તે, પીએમ નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર પોસ્ટ કરી. તેમણે જણાવ્યું હતું કે ભારતીય મહિલાઓ રાષ્ટ્ર નિર્માણનો આધારસ્તંભ રહી છે. આજે, તેઓ દરેક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. ભારતની બહેનો, માતાઓ અને પુત્રીઓ તેમની અસાધારણ પ્રતિભા અને કૌશલ્યથી દરેક ક્ષેત્રમાં પોતાની છાપ છોડી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સમુદ્ર હોય, આકાશ હોય કે જમીન, ભારતીય મહિલાઓએ બધા જ ક્ષેત્રોમાં નામના મેળવી છે. તેથી, પીએમએ તેમને ત્રણ લોકની દેવીઓ તરીકે બિરદાવ્યા છે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષોમાં, ગઉઅ સરકારે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે અસંખ્ય તકો રજૂ કરી છે, જેમાંથી એક નારી શક્તિ છે. દરેક વળાંક પર, અમારી સરકારે ભારતીય મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનવામાં ટેકો આપ્યો છે. પરિણામે, મહિલાઓને વિજ્ઞાન, આરોગ્ય, રમતગમત, વહીવટ અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સ્થાન મળ્યું છે. અમને ભારતીય મહિલાઓ પર ગર્વ છે જે હવે બીજા પર નિર્ભર નથી, પરંતુ સ્વતંત્ર છે અને સ્વતંત્ર રીતે પોતાનું જીવન જીવે છે.પીએમ મોદીએ કહ્યું કે આજે, અમારી સરકાર મહિલાઓને લાંબા ગાળાની નાણાકીય સહાય પૂરી પાડવા માટે સ્વ-સહાય જૂથો (જંઈત્રશ્ચ) સાથે કામ કરી રહી છે. જંઈત્રશ્ચ એ એક નાનું જૂથ છે જેમાં આશરે ૧૦ થી ૨૦ લોકો હોય છે. આ સભ્યો સામાન્ય રીતે એક જ સમુદાય અથવા પ્રદેશમાંથી આવે છે અને તેમના આર્થિક, સામાજિક અને વ્યક્તિગત પડકારોનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરે છે. આવા જૂથો ઘણીવાર ગામડાઓમાં જોવા મળે છે.

નારી શક્તિનો અર્થ મહિલાઓને સશક્ત બનાવવાનો છે જેથી તેઓ તેમના જીવન અને સમાજમાં પરિવર્તન લાવી શકે. માત્ર મહિલાઓ માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે મહિલાઓને તેમના સાચા અધિકારો પ્રાપ્ત કરવામાં મદદ કરવી જરૂરી છે, જેથી સાચો સામાજિક પરિવર્તન આવી શકે. નારી શક્તિએ ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી. તેમણે કહ્યું કે ભારતીય મહિલાઓ રાષ્ટ્ર નિર્માણનો પાયો રહી છે. આજે, તેઓ દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ કબંધ

### રામકથા એક અર્થમાં સંબંધોની કથા છે! અને એમાં કબંધની કથા પણ છે!



૨૦૨૫ માં જુલાઈ મહિનામાં બુદ્ધપૂર્ણિમાનાં દિવસે માનસ સંબંધની રાજસ્થાનની વાગડ ભૂમિ ખડગદામાં, ગોવર્ધન વિદ્યાવિહાર સંસ્કૃત સંસ્થા દ્વારા આ કથાનું આયોજન થયું હતું, અને એનાં પ્રથમ દિવસે કથાની પ્રસ્તુતિ કરતાં પૂજ્ય બાપુએ આ કથા ૩૬ વર્ષે થઈ રહી છે, એનું સ્પષ્ટીકરણ કર્યું, અને પછી કથાનાં મુખ્ય વિષયમાં પ્રવેશ કર્યો. એમણે કહ્યું કે રામાયણનાં લગભગ મોટાભાગનાં પાત્રો પર કથા થઈ ગઈ છે, પરંતુ કબંધ પર કથા થઈ નથી, તો આ કથાનો મુખ્ય વિષય માનસ કબંધ રહેશે! આમ તો રામાયણ પ્રબંધ કાવ્ય છે, જેમાં આરંભમાં રામ છે, મધ્યમાં રામ છે, અને અંતમાં પણ રામનું જ પ્રતિપાદન છે. પરંતુ આ રામકથા સાથે કેટલીયે કથા જોડાયેલી છે, રામની કથા સાથે સીતાની કથા છે, મહારાજ દશરથની કથા છે, ત્રણેય રાણીઓની કથા છે, પ્રગટ અપ્રગટ રૂપમાં સમગ્ર રઘુવંશની કથા છે, કથામાં ઋષિમુનિઓની પણ કથા છે, આ કથામાં ભક્તો અને સંતોની પણ કથા છે, રામકથામાં વાનર રીંછની કથા પણ છે, રાવણ આદિ રાક્ષસોની કથા પણ છે, એટલે આ બધી કથાઓનું સંમિલન રામકથા છે, જેનાં કેન્દ્રમાં ભગવાન રામ છે. માનસ સંબંધોની કથા છે, એ રીતે પણ જોઈ શકાય. રામકથામાં ભાઈ ભાઈનો સંબંધ, પતિ પત્નીનો સંબંધ, પિતા પુત્રનો સંબંધ, મિત્ર મિત્રનો સંબંધ, જાતિ પ્રજાતિનો સંબંધ, રાજા અને પ્રજાનો સંબંધ, સ્વામી અને સેવકનો સંબંધ, લોક અને શ્લોકનો સંબંધ, તો આ સંબંધોની કથા છે, એટલા માટે આજે કળિકાળમાં પણ પ્રાસંગિક છે. કેવળ શબ્દની શૃંખલામાં અનુબંધ, નિબંધ, પ્રબંધ, સંબંધ એ સંદર્ભમાં આપણે સાથે મળીને રામકથાના કબંધની ચર્ચા કરીશું કે ભગવાન રામ નો કબંધ સાથે શું અનુબંધ છે? એક નાનો એવો પ્રસંગ વિસ્તારથી કહેવાનો અવસર મળ્યો છે. રામાયણનું એક પાત્ર તો છે જ, અસુર છે, પૂર્વ એ ગંધર્વ હતો, અને રામકાળમાં એ રાક્ષસ બને છે. જેવી રીતે રાવણ નામનો રાક્ષસ છે, મારિચ નામનો રાક્ષસ છે, સુબાહુ નામનો રાક્ષસ છે, બિલકુલ એ જ રીતે કબંધ પણ એક રાક્ષસ છે, અને તુલસી પણ એને એક બે લાઈનમાં ગાઈને છોડી દે છે.

થોડી પૂર્વભૂમિકા સમજી લઈએ કબંધનો ઉલ્લેખ તુલસીદાસજી અરણ્યકાંડમાં કર્યો છે. માનસનાં અરણ્ય કાંડમાં રાવણે યોજના બનાવી, અને સીતાનું અપહરણ કર્યું. મારિચ નામનો રાક્ષસ મૃગ બનીને આવ્યો, અને ભગવાન મારિચને મારવાં એની પાછળ ગયાં, શૂન્યતા જોઈને રાવણ યતીના વેશમાં ભગવતી સીતાની છાયાનું અપહરણ કરીને ચાલ્યો જાય છે. પોતાના પરમ પ્રિતમને પામીને મારિચ ધન્ય થઈ ગયો, ભગવાન જ્યારે પાછા ફર્યા, ત્યારે પંચવટીમાં જાનકીનું અપહરણ થઈ ગયું હતું, અને રામ અને લક્ષ્મણ જાનકીજીની શોધમાં નીકળે છે, અને આગળ ગિધરાજ જટાયુ દ્વારા જાણવા મળ્યું કે, રાવણે સીતાનું અપહરણ કર્યું છે, અને પોતે સીતાને છોડાવવા ઘણી મહેનત કરી, અને ઘાયલ થયાં. ભગવાન રામ જટાયુને દિવ્ય ગતિ આપી, અને અહીં ભૂશુંડીજી કબંધનું સ્મરણ કરતાં બોલ્યા.

પુની પ્રભુ ગીધ ક્રિયા જિમિ કિન્હીં,
બધી કબંધ શબરિહિ ગતિ દિન્હી,
તાહી દેઈ ગતિ રામ ઉદારા,
શબરી કે આશ્રમ પગુ ધારા.

અરણ્યકાંડમાં પ્રભુ જટાયુની અંતિમ વિધિ કરી, એને ગતિ આપીને સીતાની શોધ કરતાં કરતાં આગળ વધી રહ્યા છે એ વખતે રસ્તામાં અબંધ મળ્યો, અને ભગવાને કેટલાક રાક્ષસોને આવતાં જ નિર્માણ આપી દીધું, એ બડભાગી હશે, કોઈ જ હિસાબ કિતાબ નથી. એક એવી જ રાક્ષસી હતી જેનું નામ તાડકા, આવી અને ગઈ.

તો જેવો કબંધ આવ્યો, એવાં ભગવાન એને નિર્માણ આપે છે. મરતી વખતે કબંધ એને જે શ્રાપ લાગ્યો હતો, એ સાપની વાત કરે છે, અને એમાં જે નાની એવી કથા છે, એમાં ચાર બિંદુને નવ દિવસમાં મારી વ્યાસપીઠ સર્પશવા માંગે છે. એક તો એમાં શ્રાપની કથા કહી, બીજું તાહિ દેઈ ગતિ રામ ઉદારા, એને ગતિ પ્રદાન કરી. ત્રીજી કબંધનો વધ કર્યો, અને ચોથું ત્યારબાદ સીધા એક ભક્તિમતી શબરીના આશ્રમમાં પહોંચે છે, તો આ ચાર મુદ્દાને સ્પર્શ કરીને આપણે નવ દિવસ સત્સંગ કરીશું. કેમ કે મને લાગે છે કે આપણાં વર્તમાન જીવનમાં આચરણની થોડી સમજણ આવી જાય તો શેષ જીવનમાં આપણી પ્રસન્નતા વધી શકે, આપણે આપણા જીવનને ધન્ય સમજી શકીએ. કબંધમાં કેટલાક સદગુણ પણ છે, અને દુર્ગુણ પણ છે, અને દરેકમાં સદગુણ દુર્ગુણ બંને હોય જ છે. બિધિ પ્રપંચ ગુન અવગુન સાના. આ નાના એવા પ્રસંગથી શિપ્ર ધર્માત્મા બની શકે છે, રામાયણનો એવો એક પ્રસંગ, અણ સ્પર્શ્યો રહ્યો છે.

આવત પંથ કબંધ નિપાતા,
તેહિં સબ કહી સાપ કૈ બાતા,
તાહિ દેઈ ગતિ રામ ઉધારા,
સબરી કે આશ્રમ પગુ ધારા.
ચતવારો ધનદાયાદાઃ ધર્માગ્નિનૃપતસ્કરા.

કબંધને લાગુ પડે છે, આ શ્લોક કબંધ એનાં પૂર્વ જીવનમાં ખૂબ જ ધનવાન હતો, બહુ જ સમૃદ્ધ! જેની કોઈ સીમા નહીં. ગુરુકૃપાથી જેટલી જેટલી કથાઓ મારી સ્મૃતિમાં આવશે, એ હું આપને જણાવીશ. શાસ્ત્રકાર કહે છે કે ભગવતી લક્ષ્મીના ચાર ભાઈઓ છે. એક ભાઈ ધર્મ, બીજો ભાઈ રાજા, ત્રીજો ભાઈ અગ્નિ, અને ચોથો ભાઈ છે ચોર, લક્ષ્મીના ચાર સગા ભાઈઓ છે.

તેષાં જ્યેષ્ઠાવમાનેન ત્રયઃ કુપ્યન્તિ સોદરા. લક્ષ્મીનાં મોટાભાઈનું જો કોઈ અપમાન કરે તો પહેલાં ત્રણ ભાઈઓ અપમાન કરનારને ચેનથી રહેવાં નથી દેતાં. અહીં લક્ષ્મીનો સંદર્ભ માત્ર રૂપિયા પૈસા નથી, જેમની પાસે બૌદ્ધિક સ્ત્રી હોય, પ્રતિષ્ઠાની શ્રી હોય, કોઈપણ પ્રકારની સંપદા હોય, એ લક્ષ્મીનો ભાઈ ધર્મ છે. ધર્મ એટલે શું ? આદિ ગ્રંથોમાં ધર્મનાં ચાર ચરણ બતાવ્યા છે. શ્રુતિકાર ભગવાન મનુએ ધર્મના ૧૦ લક્ષણની વાત કરી છે. કોઈ કોઈ ષડધર્મની પણ વાત કરે છે. ભાગવત આદિ ગ્રંથોએ ચાર લક્ષણ બતાવ્યા છે, પરંતુ વ્યાસપીઠ હજી રાહત આપે છે, અને ધર્મનાં ત્રણ લક્ષણ સત્ય, પ્રેમ, અને કરુણા. આ કોઈ દાવો નથી, આ કોઈ ગર્વ નથી. વિશ્વનો કોઈ ધર્મ આ ત્રણ સૂત્રનો ઈનકાર કરી શકે નહીં! જ્યાં સત્ય ત્યાં ધર્મ, જ્યાં પ્રેમ ત્યાં ધર્મ, ત્રીજું જ્યાં કરુણા ત્યાં ધર્મ. સત્યનું અપમાન, પ્રેમનું અપમાન, કરુણાનું અપમાન એટલે ધર્મનું અપમાન. કબંધ પાસે ખૂબ લક્ષ્મી હતી, અને એણે એવું અભિયાન છેડ્યું કે જગતમાં કોઈ દેવ દેવી નથી, અમે એટલે અસુર જ શ્રેષ્ઠ છીએ. આમ કબંધ ધર્મથી વિમુખ થવા લાગ્યો! અને એને કારણે બીજો ભાઈ રાજા એને દંડ દેતો હતો. અગ્નિ એ સજા આપી, અને તસ્કરો એ એનો ખજાનો લૂંટી લીધો. કથાનાં ક્રમમાં ગ્રંથનો મહિમા, અને રામચરિત માનસનું મહાત્મ્ય ગાતાં કહ્યું છે કે, રામાયણ કલ્પ વૃક્ષનો છાંયો છે, સાત સોપાનમાં અનુક્રમે સર્વ દેવો, અને પરિવારની વંદના, સંતોની વંદના અને અંતમાં હનુમાનજીની વંદના કરી પ્રથમ દિવસની કથાને વિરામ આપ્યો.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**નદીમાંથી મળેલી ખોપડી, ૮ વર્ષની રાહ અને ઉગઅ રિપોર્ટઃ રાજકોટ પોલીસને ઐતિહાસિક સફળતાઃ બાળ મજૂરીના આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ થયા પછી એક ગૂમ બાળકની તપાસ શરૂ થઈ અને ખળભળાટ મચાવતી મિસ્ટ્રી ખુલી**

# મજૂર બાળકને પતાવી ધડ માથું નોખા કર્યા'તા

## ડીએનએ રિપોર્ટથી ઉકેલાયો ભેદઃ ૧૪ વર્ષનો બંગાળી બાળક કામ નહોતો કરતો એટલે એવો માર્યો કે મરી ગયોઃ કોથળામાં લાશ ન સમાતા ક્રૂર અજિતમોલાએ ટુકડા કર્યા તા!!



રાજકોટ,તા.૧૨

માનવ તસ્કરી અને બાળ મજૂરીના કલંકિત આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ અગાઉ રાજકોટ શહેર પોલીસની એસ.ઓ.જી. અને એએચટીયુની ટીમોએ તત્કાલીન ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલની રાહબરીમાં કર્યો હતો. તે વખતે એક ગૂમ બંગાળી બાળક વિશે તપાસ શરૂ થતાં હચમચાવી મૂકે તેવી હત્યાનો પર્દાફાશ થયો છે. પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશથી માસૂમ બાળકોને માત્ર રૂ. ૮,૦૦૦ની મામૂલી રકમે ખરીદી, રાજકોટના ઈમિટેશન માર્કેટમાં ગોંધી રાખી અમાનુષી અત્યાચાર ગુજારતા મુખ્ય સૂત્રધાર અજીતમૌલા આઝમતમૌલાને પોલીસે દબોચી લીધો છે અને ૨૧ જેટલા બાળકોને નરક સમાન સ્થિતિમાંથી મુક્ત કરાવ્યા હતાં. ગયા વર્ષે આ કામગીરી વખતે એક બાળક ગૂમ હતો. તેની હત્યા થયાનું ખુલ્યુ છે.

બાળકોને મુક્ત કરાવવાના ઓપરેશનનો સૌથી ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે પકડાયેલા નરાધમની આકરી પૂછપરછ દરમિયાન ૮ વર્ષ જૂની સનસનાટીભરી મર્ડર મિસ્ટ્રી પરથી પડદો ઊંચકાયો. કામ કરવાની ના પાડતા ૧૪ વર્ષના એક માસૂમ બાળકને ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી, ધડ માથું નોખા કરી લાશ આજી નદીમાં ફેંકી દેવાઈ હતી. વર્ષ ૨૦૧૮માં નદી કિનારેથી કોહવાયેલી હાલતમાં મળેલી એક અનાથ ખોપડી, આધુનિક ફોરેન્સિક સોફ્ટવેર રફભયટઅઈજ અને છેલ્લે વિજ્ઞાનના અમોઘ શસ્ત્ર સમાન ઉગઅ ટેસ્ટના પોઝિટિવ રિપોર્ટે આ વણઉકેલાયેલી હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. આધુનિક ટેકનોલોજી અને ખાખીની સંવેદનશીલતાના સમન્વયથી આખરે પશ્ચિમ બંગાળના એક ગરીબ પરિવારને અથ વર્ષે ન્યાય મળ્યો છે અને હત્યારો પોલીસના હાથમાં છે.

શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ) ભરત બસીયા દ્વારા વણઉકેલાયેલા (અનડિટેક્ટ) ગુનાઓ શોધી કાઢવા માટે શરૂ કરાયેલી ખાસ ઝુંબેશ અંતર્ગત રાજકોટ પોલીસને એક ખૂબ જ મોટી અને ચોંકાવનારી સફળતા મળી છે. એસ.ઓ.જી. અને એએચટીયુની ટીમે સંયુક્ત કાર્યવાહી કરી માનવ તસ્કરી (હ્યુમન ટ્રાફિકિંગ) અને બાળ મજૂરીનું આંતરરાજ્ય નેટવર્ક પકડી પાડવાની સાથે-સાથે, વર્ષ ૨૦૧૮માં થયેલી એક માસૂમ બાળકની ઘાતકી હત્યાનો ભેદ ઉગઅ રિપોર્ટના આધારે ઉકેલી નાખ્યો છે

એસ.ઓ.જી. તથા એએચટીયુ પોલીસની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે બાંગ્લાદેશી અને પશ્ચિમ બંગાળના બાળકોને રાજકોટમાં લાવીને ગુપ્ત રીતે રાખવામાં આવ્યા છે અને તેમની પાસે મજૂરી કરાવવામાં આવી રહી છે. આ માહિતીના આધારે તત્કાલીન નાયબ પોલીસ કમિશનર ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલની સૂચનાથી અને એસીપી ક્રાઇમ ભરત બસીયાની આગેવાની હેઠળ એસઓજી તથા એએચટીયુ પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો. આ રેઈડ દરમિયાન ત્યાંથી પશ્ચિમ બંગાળના ૨૧ માસૂમ બાળકો મળી આવતા તેઓને હેમખેમ રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

જ્યારે આ બાળકોનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું, ત્યારે હૃદયકંપાવી દેનારી હકીકતો સામે આવી હતી. બાળકો ઉપર શારીરિક અત્યાચાર ગુજારવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું. તબીબી તપાસ દરમિયાન જણાયું કે એક બાળકના ગુદાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, પશ્ચિમ બંગાળના પૂર્વ વર્ધમાન જિલ્લાના કાલના પોલીસ સ્ટેશન હેઠળના સિકારપુર ગામનો વતની અને હાલ રાજકોટ સામાકાંઠે રાજનગરમાં રહેતો મુખ્ય આરોપી અજીતમૌલા આઝમતમૌલા (ઉ.વ.૪૦) ગરીબ માતા-પિતાને માત્ર રૂપિયા ૮,૦૦૦ જેવી મામૂલી રકમ આપીને તેઓના ૧૧ થી ૧૭ વર્ષના માસૂમ બાળકોને ટ્રેન મારફતે રાજકોટ લાવતો હતો.

આ બાળકોને રાજકોટના ઈમિટેશન માર્કેટમાં મજૂરીના કામમાં ધકેલી દેવાતા હતા. રેસ્ક્યુ વખતે બાળકો અત્યંત દયનીય સ્થિતિમાં હતા. ઘણા બાળકો પાસે પહેરવા પૂરતા કપડાં પણ નહોતા. તેઓને એક જ રૂમમાં પૂરી રાખીને અમાનુષી કૃત્યો આચરવામાં આવતા હતા અને ક્યારેક ભૂખ્યા રાખવામાં આવતા હોવાનું પણ કાઉન્સેલીંગ દરમિયાન સામે આવ્યું હતું. આ અંગે આરોપી અજીતમૌલા વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૪૬, ગુજરાત પોલીસ એક્ટ, ચાઇલ્ડ લેબર એક્ટ, જુવેનાઇલ જસ્ટીસ એક્ટ તેમજ પોક્સો અને બોન્ડેડ લેબર સિસ્ટમ એક્ટ મુજબ રાજકોટ શહેર બી. ડીવી. પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પકડાયેલા મુખ્ય આરોપી અજીતમૌલા આઝમતમૌલાની જ્યારે પોલીસે આકરી પૂછપરછ શરૂ કરી, ત્યારે તે ભાંગી પડ્યો હતો અને તેણે એક ભયાનક કબૂલાત કરી હતી. આરોપીએ જણાવ્યું કે કોરોના કાળ પહેલા, તેણે એક માસૂમ બાળકને પોતે મજૂરી માટે રાજકોટ લાવ્યો હતો. તે બાળકે કામ કરવાની ના પાડતા અથવા તેની મરજી વિરુદ્ધ વર્તતા આરોપીએ તેને ઢોર માર માર્યો હતો. આ મારના કારણે બાળકનું મોત નીપજ્યું હતું. પાપ છુપાવવા માટે આરોપીએ બાળકની લાશને નદીમાં ફેંકી દીધી હોવાની હકીકત જણાવી હતી.

આ ચોંકાવનારી કબૂલાત બાદ પોલીસે વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨ ના ગાળામાં રાજકોટમાંથી મળી આવેલી વણઓળખાયેલી લાશોની તપાસ કરી, પરંતુ ઉંમર મુજબ કોઈ મેળ ખાધો નહીં.

દરમિયાન, પોલીસ રેકોર્ડ ફંફોસતા જાણવા મળ્યું કે વર્ષ ૨૦૧૮ માં બી. ડીવી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજી નદી રૂખડીયાપરા પાસેથી એક વણઓળખાયેલ બાળકનું માથું (કોહવાયેલી હાલતમાં ખોપડી) મળી આવ્યું હતું. તે સમયે કોઈ વાલીવારસ ન મળવાને કારણે આ ખૂનનો ગુનો પઅનડિટેક્ટથ રહ્યો હતો. ફોરેન્સિક પીએમ રિપોર્ટ અનુસાર આ માથું આશરે ૮ થી ૧૫ વર્ષના બાળકનું હોવાનું જણાયું હતું.

અગાઉ બી ડિવિઝનમાં અને હાલ એ ડિવિઝનમાં ફરજ બજાવતા તેમજ ગઈકાલે જેની ક્રાઈમ બ્રાન્ચમાં નિમણૂક થઈ છે તે પીએસઆઈ એસ. એમ. રાણાએ આ દિશામાં તપાસ લંબાવી હતી. આરોપી અજીતમૌલાએ જે બાળકની હત્યા કરી લાશ નદીમાં ફેંકી હોવાની કબૂલાત કરી હતી, તે જ આ બાળક છે કે કેમ તે સુનિશ્ચિત કરવા પોલીસે પશ્ચિમ બંગાળમાં રહેતા બાળકના માતા-પિતાનો સંપર્ક કર્યો હતો. પરિવાર આર્થિક રીતે સક્ષમ ન હોવાથી પોલીસે સ્વખર્ચે રેલ્વે ટીકીટની સગવડ કરી તેઓને રાજકોટ બોલાવ્યા હતા.

પરિવાર પાસેથી માસૂમ બાળકના ફોટોગ્રાફ મેળવી, સને ૨૦૧૮ના વર્ષમાં મળી આવેલ બાળકના માથાના ફોરેન્સિક સોફ્ટવેર રફભયટઅઈજ માં સરખામણી કરાવતા તે એકસરખા હોવાનું પ્રમાણ મળ્યું હતું. આ વૈજ્ઞાનિક પુરાવાને વધુ મજબૂત કરવા માટે બાળકના માતા-પિતાના ડીએનએ સેમ્પલ મેળવી એફએસએલમાં મોકલવામાં આવ્યા હતા. નદીમાંથી મળેલા માથાના ડીએનએ અને માતા-પિતાના ડીએનએ રિપોર્ટ મેચ થઈ જતાં આખરે ૬ વર્ષ જૂની સનસનાટીભરી મર્ડર મિસ્ટ્રીનો ભેદ સફળતાપૂર્વક ઉકેલાઈ ગયો છે.

રાજકોટ શહેર એસ.ઓ.જી. અને એએચટીયુ પોલીસની આ સંયુક્ત અને પ્રશંસનીય કામગીરીને કારણે આંતરરાજ્ય બાળ મજૂરી રેકેટના પંજામાંથી ૨૧ માસૂમો મુક્ત થયા છે અને એક નિર્દોષ બાળકની હત્યા કરનાર ક્રૂર આરોપીના રિમાન્ડની તજવીજ થશે. તેમ જોઈન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિકે જણાવ્યું હતું. આરોપીએ હત્યા બાદ માથું જે નદીમાં ફેંકી દીધું હતું એ સ્થળે તેને ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે લઈ જઈ રી કન્ટ્રક્શન કરાવ્યું હતું. આગળની તપાસ બી ડિવિઝન પોલીસ કરશે.

---

**દેશી અને વિદેશી દારૂના ધંધાર્થીઓ પર શહેર પોલીસની ધોંસ**

# કારમાં દારૂ સાથે વેપારી પકડાયો છુટક દરોડામાં ૧૯ ઝબ્બે

## કોઈ દારૂના ચપલાનું બાચકુ લઈ નીકળ્યું, કોઈ છુટક બે-ચાર લઈને નીકળ્યા ને પકડાયાઃ કોઈને દેશીની કોથળીઓ સાથે પકડી લેવાયાઃ મહિલા સંચાલીત દારૂની ભઠ્ઠી ઉપર પણ પડ્યો દરોડોઃ ઠેકઠેકાણે પોલીસે બોલાવી દીધો સપાટો

રાજકોટ,તા.૧૨

શહેર પોલીસ દારૂના ધંધાર્થીઓ પર સતત સપાટો બોલાવી રહી છે. દેશી વિદેશી દારૂ સાથે અઢાર જેટલાને પકડી લેવાયા હતાં. ભઠ્ઠી ચલાવી રહેલી મહિલાઓ પણ ઝપટમાં આવી હતી. તો બે જણા પટમાં કોઈના ડર વગર દારૂની મહેફીલ માણતા ઝડપાઈ ગયા હતાં. રાજકોટના એક કારખાનેદારને કારમાં દારૂના જથ્થા સાથે પીસીબીની ટીમે તરઘડીયાના પાટીયા પાસે પકડી લીધો હતો. નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી રાજકોટ પધારવાના હોઈ એ ધ્યાને રાખી પોલીસ વધુ કડક બની હતી અને દારૂના ધંધાર્થીઓ પર સપાટો બોલાવી દીધાનું ચર્ચાય છે.

વિગતો જોઈએ તો તરઘડીયા ગામના પાટીયા પાસે પીસીબીના વિજયભાઈ મેતા, મયુરભાઈ પાલરીયા સહિતે જીજે૦૬કેપી-૦૦૬૬ નંબરની કાર આંતરી લઈ તપાસ કરતાં અંદરથી રૂા. ૩૫૭૪૧ના ૧૮૦ એમએલ વ્હીસ્કીના અલગ અલગ ૮૪ પાઉચ મળતાં કારમાં બેઠેલા નાના મવા રોડ રાજનગર-૩માં રહેતાં મયુર મનસુખભાઈ સુરાણીને પકડી લઈ કુલ ત્રણ લાખ પાંત્રીસ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ વેપારી દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપવાનો હતો? તેની તપાસ શરૂ થઈ હતી.

દરોડા કામગીરીની બીજી વિગતો જોઈએ તો શહેરના નાના મવા મેઈન રોડ પર આવેલા નાનામવા સર્કલ પાસે આરએમસીના પટમાં જાહેર જગ્યા પર વિદેશી દારૂ પીવાની મહેફિલ માણતા બે શખ્સોને માલવીયાનગર પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. જેમાં સુરતના કામરેજમાં લસકાણા મહીડા નગરનો મુળ વતની અને હાલ પારેવડી ચોક પાસે ભગવતી પરા શેરી નં. ૩ની સામે રહેતો મુસ્તાક રફીકભાઈ પઠાણ તથા સુરેન્દ્રનગરના જોરાવર નગર શેરી નં. ૧ વણકરવાસમાં રહેતો ચેતન હસમુખભાઈ રાઠોડ સામેલ છે. પોલીસે વિદેશી દારૂની આશરે ૫૦ એમ.એલ. ભરેલી બોટલ, પ્લાસ્ટિકના ખાલી ગ્લાસ, સોડાની અડધી બોટલ અને ચવાણાના



પેકેટનો મુદ્દામાલ કબજે કર્યો હતો. હેડકોસન. એ.બી. વિકમાએ કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત દોઢસો ફુટ રીંગ રોડ પર આવેલા પુનીતનગર પાણીના ટાંકા પાસેની ઝુપડપટ્ટીમાં માલવીયાનગર પોલીસે દરોડો પાડીને એક રહેણાંક ઝૂંપડામાં ચાલતી દેશી દારૂ બનાવવાની ધમધમતી ભઠ્ઠી ઝડપી પાડી હતી. પોલીસ રેઈડ દરમિયાન આ ભઠ્ઠી ચલાવનાર મહિલા આરોપી રોશનબેન ભરતભાઈ મંદુરીયા સ્થળ પર હાજર મળી આવી ન હતી. પોલીસે ત્યાંથી દેશી દારૂ બનાવવાનું ૫૦ લીટરનું પતરાનું બેરલ, એલ્યુમિનિયમનું તગારું, સ્ટીલની નળી ફિટ કરેલી થાળી, ૨૫ લીટર ગરમ દેશી દારૂ કિ.રૂ. ૫,૦૦૦ અને ૮૦ લીટર આથો રૂ. ૨,૦૦૦મળી કુલ રૂ. ૮,૦૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો, જે અંગે પો.હેડ કોન્સ. ડી.પી. બગડા તપાસ ચલાવી રહ્યા છે. એરપોર્ટ પોલીસ સ્ટેશને બેડલા ગામથી ફાળદંગ ગામ તરફ જવાના રોડ પર પુલ પાસે વોચ ગોઠવીને એક શખ્સને પ્લાસ્ટિકના બાચકા સાથે દબોચી લીધો હતો.

પકડાયેલ આરોપી રાજ સુરેશભાઈ સાકરીયા (રહે. આજીડેમ ચોકડી પાસે ગોકુળપાર્ક શેરી નં. ૪ નો રહેવાસી છે, જેની પાસેથી પોલીસે વ્હીસ્કીના૧૮૦ એમ.એલ.ના ૨૮ ચપલા રૂા. ૪,૦૬૦ના કબજે કર્યા હતા, જેની તપાસ એ.એસ.આઈ. બી.ડી. ભરવાડને આગળની તપાસ સોંપાઈ હતી. જ્યારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ક્વોર્ડે કોટેચા ચોકથી ઈન્દિરા સર્કલ તરફ જતા રોડ પર બી.એન.એસ. પરફ્યુમ સામેથી સાધુવાસવાણી રોડ પર આવાસ યોજના ક્વાર્ટર બ્લોક નં. ૭ માં રહેતા સતીષ સવજીભાઈ બોરીચાનેને પોતાની બાઈક પર દારૂની એક બોટલ રૂા. ૨૦૦૦ની લઈને નીકળતાં પકડ્યો હતો. એએસઆઈ ચેતનસિંહ ગોહિલ સહિતે આ મામલે કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત એ ડીવીઝન પોલીસ સ્ટેશન હેઠળ અલગ-અલગ વિસ્તારોમાં કાર્યવાહી કરવામાં આવી હતી.જેમાં રામનાથપરા મેઈન રોડ પર ભવાનીનગર શેરી નં. ૦૩માં રહેતા વિશાલ ઉર્ફે બચ્ચન સુરેશભાઈ ગોહેલને દારૂના એક ચપલા સાથે તથા હેમુગઢવી હોલની સામે રાજમંદિરવાળી શેરીમાંથી ગ્રીનલેન્ડ ચોકડી પાછળ તિરૂપતિ સોસાયટી શેરી નં. ૦૩ માં રહેતા પાર્થ નવીનભાઈ પરમારને દારૂના બે ચપલા સાથે પકડી લેવાયો હતો. જ્યારે શાસ્ત્રી મેદાન પાસે લિમડા ચોક રોડ પરથી દારૂ પી બાઈક હંકારી નીકળેલા રવીંદર કલ્યાણસિંહ વિશ્વકર્મા-નેપાળીને પકડી લેવાયો હતો. તેમજ ભક્તિનગર પોલીસે આહીર ચોક પાસે ચામુંડા પાનની સામેની શેરીમાંથી ૮૦ ફુટ રોડ નંદની પાર્ક શેરી નં. ૧ માં રહેતા ચીરાગ રાજેશભાઈ સખીયાને ૪ લીટર દેશી દારૂ સાથે, આજી ડેમ પોલીસે માલધારી ફાટક પાસે ઝૂંપડા નજીકથી બિહારના વતનીઉમેશ પ્રભુનાથ યાદવને બે લીટર દેશી દારૂ સાથે અને ગાંધીગ્રામ પોલીસે ઘંટેશ્વર ૨૫ વારિયા ક્વાર્ટર્સ પાસથી બજરંગવાડી રામ મંદિર પાસે રહેતા પરસોતમ જેન્તીભાઈ કુબાવતને ૧૦ લિટર દારૂ સાથે પકડ્યો હતો.

આ ઉપરાંત યુનિવર્સિટી પોલીસે સાધુવાસવાણી રોડ રાજીવ ગાંધી આવાસ યોજના ક્વાર્ટર્સ પાસેથી ત્યાં જ રહેતા પદમાબેન શૈલેષભાઈ સોલંકીને ૬ લિટર દારૂ સાથે પકડી હતી. તેમજ તાલુકા પોલીસે કણકોટ ગામ મેઈન રોડ પર બૌદ્ધવિહારની સામે ઝૂંપડામાં દેશી દારૂ રાખવા બદલ કાન્તાબેન ભીખાભાઈ વાઘેલા સામે કાર્યવાહી કરી હતી. આમ દેશી-વિદેશીના ધંધાર્થીઓ પોલીસની ઝપટે ચડી ગયા હતાં. જેની સંખ્યા વીસ જેટલી થઈ હતી.

---

**ખેડૂતને આંતરી ઇનામી ડ્રોના નામે ખેલ કરતાંઃ ખેડુત ના પાડે તો પોતે કાર્ડ સ્ક્રેચ કરી ઇનામ લાગ્યું છે કહી નાણા ખંખેરતા**

# ઈકોગેંગના પાંચ ગઠીયાએ વધુ ત્રણ ખેડુતને ખંખેર્યાનું ખૂલ્યુ

**સણોસરા પંથકના છેતરાયેલા ત્રણ ખેડુત કુવાડવા પોલીસ પાસે પહોંચ્યાઃ નવો શો રૂમ શરૂ થયો છે પ્રમોશન કરવાનું છે કહી કાર્ડ સ્ક્રેચ કરાવી તમને ઈનામ લાગી ગયા છે નાણા દેવા પડશે કહી રોકડ પડાવી હતી**

રાજકોટ,તા.૧૨

રાજકોટ તાલુકાના અલગ અલગ ગામોમાં ઈકો કાર મારફત ખેડુતો પાસે જઈ તેમની પાસે ઈનામી કૂપન સ્ક્રેચ કરાવડાવી અને જો ખેડુત કૂપન સ્ક્રેચ ન કરે તો આ ગઠીયાઓ જાતે જ સ્ક્રેચ કરી તેમાં દોરેલા અલગ અલગ ચીજવસ્તુ એટલે કે ઈલેક્ટ્રોનીક આઈટમના ચિત્રો બતાવી આ મોંઘા ઈનામો તમને લાગી ગયા છે પણ તમારે ઓછા રૂપિયા દેવાના છે તેમ કહી નાણા ખંખેરી તકલાદી ચીજવસ્તુ ધાબડીને કે ક્યારેક કોઈપણ વસ્તુ આપ્યા વગર ભાગી જઈ ઠગાઈ કરવામાં આવતી હતી. આવા પાંચ શખ્સોની ટોળકીને ક્રાઈમ બ્રાંચે પકડી આજીડેમ પોલીસને સોંપી હતી. આ ટોળકીએ મહિકા ઉપરાંત હવે સણોસરાના ત્રણ ખેડુતોને પણ ઈનામના નામે ખંખેર્યાનું ખુલતાં અલગથી એફઆઈઆર દાખલ થઈ હતી.

વિગતો પર નજર કરીએ તો ઈનામ લાગ્યાનું કહી છેતરપીંડી કરનાર ટોળકી ઝડપાઈ ગયા બાદ આ ટોળકીએ વધુ ત્રણ ખેડુતોને છેતરી લીધાની વિગતો સામે આવતાં અલગથી કાર્યવાહી કરવામાં આવી હતી. રાજકોટના સણોસરાના ત્રણ ખેડુત સાથે રૂા. ૬૮ હજારની છેતરપીંડી પણ કરી હતી. આ બનાવમાં પોલીસે સણોસરા ગામમાં મહાદેવના મંદિર પાસે રહેતાં વલ્લભભાઈ નાનજીભાઈ અજાણી નામના ખેડુતની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે. ગત આઠમીના રોજ સવારે દસેક વાગ્યાની આસપાસ વલ્લભભાઈ પોતાની ફોર વ્હીલર ગાડી લઈને વાડીએ જઈ રહ્યા હતા.

આ દરમિયાન સણોસરાથી જીયાણા ગામ જવાના રસ્તા પર એક સફેદ કલરની ઈકો કારમાં બે અજાણ્યા શખ્સો તેમની પાસે આવ્યા હતા. આ શખ્સોએ પહેલા સણોસરા ગામનું અંતર પૂછ્યું અને બાદમાં જણાવ્યું હતું કે-અમે નવો શો-રૂમ ખોલ્યો છે જેના પ્રમોશન માટે આ રૂા.ત્રીસ વાળી કૂપન છે. વલ્લભભાઈ કશું સમજે તે પહેલાં જ ગઠિયાઓએ જાતે જ કૂપન સ્ક્રેચ કરી નાખી હતી અને કહ્યું હતું કે-તમને બે સગડી, બે પંખા અને એક કૂલરનું ઈનામ લાગ્યું છે. વલ્લભભાઈએ આ ઈનામી વસ્તુ લેવાની ના પાડતાં ઈકો કારમાં બેઠેલા શખ્સોએ પોતાના મોબાઈલમાંથી કોઈ અન્ય સાગરીત સાથે વલ્લભભાઈની વાત કરાવી હતી.

ફોન પરના શખ્સે પણ મોટી લાલચો આપી લલચાવ્યા હતા. ગઠિયાઓની માયાજાળમાં ફસાઈને વલ્લભભાઈએ કૂપનના ચાર્જ પેટે ૪,૦૦૦ રોકડા આપ્યા હતા, જ્યારે બાકીના ૧૮,૫૦૦ ગામના જ અમિતભાઈ મકનભાઈ લીંબાસીયા પાસેથી અપાવ્યા હતા. વલ્લભભાઈની જેમ જ આ ઠગ ટોળકીએ સણોસરા ગામના અન્ય બે ખેડૂતોને પણ આ જ મોડસ ઓપરેન્ડીથી છેતર્યા હતાં. જેમાં કેશુભાઈ રવજીભાઈ અજાણી પાસેથી ઈનામી વસ્તુની લાલચ આપી રૂા. ૨૩૫૦૦ મેળવી કોઈ વસ્તુ આપી નહોતી અને હરેશભાઈ જયંતિભાઈ લીંબાસીયા પાસેથી પણ ૨૨૦૦૦ પડાવ્યા હતાં. હરેશભાઈએ પોતાની પાસેના ત્રણ હજાર અને બાકીના ૧૯ હજાર ભત્રીજા રાજેશભાઈ પાસેથી ઓનલાઈન ટ્રાન્સફર કરાવી આપ્યા હતાં. આમ કુલ ત્રણ ખેડુતોને આ ગઠીયાઓએ છેતરી ૬૮ હજાર પડાવ્યા હતાં.

ક્રાઈમ બ્રાંચે આરોપીઓને પકડી આજીડેમ પોલીસને સોંપ્યા હતાં. હવે કુવાડવા રોડ પોલીસ આ ગુનામાં કાર્યવાહી કરશે. ઉલ્લેખનીય છે કે ક્રાઈમ બ્રાંચે કૂપન સ્ક્રેચ કરાવી ઠગાઈ કરી ટોળકીના પાંચ શખ્સો રમેશ વાહણભાઈ ચાવડીયા ઉ.વ.૨૩ રહે.જયજવાન જયકિશાન સોસાયટી, મોરબી રોડ જુના જકાતનાકા પાસ), રૂપા ટીડાભાઈ ચાવડીયા (ઉ.વ.૨૩, રહે.જયજવાન જયકિશાન સોસાયટી), હિતેષ ઉર્ફે રૂપેશ વાહણભાઈ ચાવડીયા ઉ.વ.૧૯, રહે.જયજવાન જયકિશાન સોસાયટી), હિન્દુભાઈ જાગાભાઈ વરૂ ઉ.વ.૨૧, રહે.કોટડા નાયાણી ગામ, ધાર ઉપર, તા.વાંકાનેર) અને ગોવિંદ ટીડાભાઈ ચાવડીયા (ઉ.વ.૨૫, રહે.જયજવાન જયકિશાન સોસાયટી)ને પકડી લઈ પાંચ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ટોળકીએ વધુ ત્રણ ખેડુતોને છેતર્યાનું ખુલ્યુ હતું . હજુ પણ કોઈ છેતરાયા હોય તો પોલીસ સમક્ષ આવવા અનુરોધ કરાયો છે. આ ટોળકીએ રાજકોટ સિવાય અન્ય કોઈ ગામોમાં આ રીતે ફ્રોડ આચર્યા હતાં કે કેમ? તેની પણ તપાસ થઈ રહી છે.

---

**એક લાખનો કેબલ ચોરી બાળી નાંખ્યો હતોઃ બળેલો કેબલ, બાઈક કબ્જે કરાયા**

# રૈયાધારના શખ્સે સગીર સાથે મળી બાંધકામ સાઈટ પરથી ચોર્યો'તો કેબલ

રાજકોટ,તા.૧૨

ચોરીના ગુના ઉકેલવા કાર્યકર પોલીસને વધુ એક સફળતા મળી છે. તાલુકા પોલીસે બાંધકામ સાઈટ પર નવા બનેલા મકાનમાંથી એક લાખના વાયરોની થયેલી ચોરીનો ભેદ ઉકેલી એક શખ્સ અને તેના સગીર સાગ્રીતને પકડી લઈ પાંસઠ હજાર પાંચસોનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વિગતો જોઈએ તો તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો હતો. જેમાં ફરિયાદીના મકાનનું બાંધકામ ચાલુ હતું અને ઈલેક્ટ્રિક વાયરો લગાવેલા હતા પરંતુ બોર્ડ લગાવવાના બાકી હોવાથી વાયરના છેડા બહાર લટકતા હતા ત્યારે તસ્કરે આવી મકાનમાં ઘુસી રૂા. એક લાખના વાયરો ખેંચીને ચોરી લીધા હતાં.આ ગુનો ઉકેલવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ડી. સ્ટાફના મુકેશભાઈ ડાંગર, બળભદ્રસિંહ જાડેજા, જયપાલસિંહ સરવૈયા, ઉગાભાઈ બાળાને મળેલી બાતમી પરથી કાલાવડ રોડ પર અંધ



વૃદ્ધાશ્રમની સામે રોડ પર સ્પ્લેન્ડર બાઈક અને બાચકા સાથે બે શખ્સને પકડી પુછતાછ કરતાં બંનેએ ચોરીનો ગુનો કબુલ્યો હતો.

પુછપરછમાં એક શખ્સે પોતાનું નામ દેવરાજ વજાભાઈ ધોળકીયા (રહે. ઈન્દીરાનગર રૈયાધાર, ખોડીયાર જનરલ સ્ટોરની પાછળ, રામાપીર મંદિરની બાજુમાં) જણાવ્યું હતું. બીજો સગીર વયનો હતો. પોલીસે ૪૫ કિલોગ્રામ બળેલા વાયરો કિંમત રૂ. ૪૦,૫૦૦, એક હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ જીજે૦૩આરઆર૨૯૬૮, કિંમત રૂ. ૨૫,૦૦૦ મળી કુલ રૂા. ૬૫,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી દેવરાજ ધોળકીયા અગાઉ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમા મારામારીમાં સંડોવાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી રાકેશ દસાઈ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત ઈન્સ. એસ. આર. મેઘાણી, પીએસઆઈ બી. આર. ભરવાડ, તથા ટીમના કૌશેન્દ્રસિંહ ઝાલા, અજયભાઈ ભુંડીયા, અક્ષયભાઈ નાથાણી, કોન્સ. મુકેશભાઈ ડાંગર, બલભદ્રસિંહ જાડેજા, જયપાલસિંહ સરવૈયા, મયુરસિંહ જાડેજા, ઉગાભાઈ બાળા,કુલદિપસિંહ જાડેજા, ભીખુભાઈ મૈયડ, નિકુંજભાઈ મારવીયા, હોમગાર્ડ પરેશભાઈ આહુંદરાએ આ કામગીરી કરી હતી. બંનેની વધુ તપાસ યથાવત રખાઈ હતી.

અપમૃત્યુની કરૂણ ઘટનાઓનો રોજીંદો સિલસિલો વધુ ચાર પરિવારને આઘાત આપી ગયો

# બિમારી સામે હારેલા બે વૃધ્ધે ઝેર ગટગટાવી છોડી દુનિયા

## ભગવતીપરાના વૃધ્ધે સરધારની દરગાહે જઈ પગલુ ભર્યું, કોઠારીયામાં વૃધ્ધ ઘરે ઝેર પી ગયાઃ ત્રીજી ઘટનામાં મહિલા હોમિયોપેથી તબિબે ફાંસો ખાઈ જીવ દીધોઃ એક બેંક કેશીયર મહિલા ભુલથી એસિડ પી જતાં જીવ ગયો

રાજકોટઃ તા. ૧૨

આત્મહત્યાની રોજબરોજ બની રહેલી અલગ અલગ ઘટનાઓમાં કોઇને કોઇ પરિવાર પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી રહ્યા છે. અલગ અલગ કારણોસર હિમ્મત હારી જતાં લોકો અંતિમ પગલા ભરી લેતાં હોય છે. બે ઘટનામાં બે વૃધ્ધે ઝેર પી મોત મેળવી લીધા હતાં. ભગવતીપરામાં રહેતાં એક દાઉદી વ્હોરા વૃધ્ધે સરધાર ખાતેની દરગાહમાં જઇ ઝેર પી લેતાં જીવ ગયો હતો. તો કોઠારીયા વિસ્તારમાં રહેતાં વૃધ્ધે ઘરે ઝેર પી લેતાં મોત થયું હતું. અન્ય એક ઘટનામાં મહિલા હોમીયોપેથી તબિબે ગળાફાંસો ખાઇ આપઘાત કર્યો હતો. ચોથી ઘટનામાં બેંક કેશીયર મહિલાએ ભુલથી એસિડ પી લેતાં મોત થયું હતું.

પ્રથમ ઘટના જોઇએ તો ભગવતીપરામાં રહેતાં દાઉદી વ્હોરા વૃધ્ધે સરધાર ગામે આવેલી વ્હોરા સમાજની દરગાહ ખાતે ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો છે. હાથ-પગના દુઃખાવાથી કંટાળી જઇ પગલુ ભર્યાનું ખુલ્યું હતું.


ભગવતીપરામાં મોડર્ન સ્કૂલ નજીક રહેતાં બદરૂદ્દીનભાઇ અબ્દુલહુશેનભાઇ લક્ષ્મીધર નામના અઠ્યોતેર વર્ષના વૃધ્ધ પાંચમીએ સવારે ઘરેથી નીકળ્યા બાદ ગાયબ થતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી.

એ દરમિયાન સાંજે પાંચેક વાગ્યે સરધારમાં આવેલી દાઉદી વ્હોરા સમાજની દરગાહ ખાતેથી તેઓ બેભાન જેવી હાલતમાં મળતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તપાસ થતાં તેમણે ઝેર પીધાનું ખુલતાં સારવાર શરૂ થઇ હતી. અહિ સારવાર લીધા બાદ ઘરે લઇ જવાયા હતાં. દરમિયાન કાલે સાંજે તબીયત ફરી બગડતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગત રાતે મૃત્યુ થયું હતું.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે આજીડેમ પોલીસને જાણ કરતાં હેડકોન્સ. એ. એચ. ગોહિલે કાર્યવાહી કરી હતી.

આપઘાત કરનાર બદરૂદ્દીનભાઇ પાંચ ભાઇ અને પાંચ બહેનમાં આઠમા નંબરે હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે રેલનગરમાં સ્ટવ રીપેરીંગનું કામ કરતાં હતાં. હાથ-પગના દુઃખાવાની બિમારીથી કંટાળીને પગલુ ભર્યાની શક્યતા પરિવારે જણાવી હતી.

બીજી ઘટનામાં કોઠારીયાના સ્વાતિ પાર્કમાં રહેતાં સાંઇઠ વર્ષના કાંતિભાઇ બાબુભાઇ ભારથી નામના વૃધ્ધે મોડી રાતે ઝેરી પાવડર પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ વહેલી



સવારે મૃત્યુ થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. કાંતિભાઇ રાતે સાડા બારેક વાગ્યે ઉલ્ટીઓ કરવા માંડતાં પરિવારજનોએ પૃછા કરતાં પોતે ઝેરી પાવડર પી ગયાનું કહેતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર કાંતિભાઇ ત્રણ બહેન અને બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. ડાયાબીટીશ, બ્લડપ્રેશર સહિતની બિમારીથી કંટાળી પગલુ ભર્યાની શક્યતા પરિવારજનોએ જણાવી હતી.

ત્રીજી ઘટનામાં નવા દોઢસો ફુટ રીંગ રોડ પર સંસ્કાર એલીગન્સમાં રહેતાં ત્રીસ વર્ષના ડોક્ટર માનસીબેન ભાવીનભાઈ કનેરીયાએ ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં યુનિવર્સિટી પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા માનસીબેન હોમિયોપેથી ડોક્ટર હતાં. તેમના પતિ કારખાનું ચલાવે છે. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ રૂમમાં પુત્રી રડતી હોઇ પતિ ભાવનીભાઇ કનેરીયા રૂમમાં જોવા ગયા ત્યારે પત્નિ માનસીબેન લટકતી લહાતમાં મળતાં ૧૦૮ બોલાવી હતી.

પરંતુ તેના તબિબે માનસીબેનને મૃત જાહેર કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ. જે. લાઠીયા સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી.આપઘાત કરનાર માનસીબેનના લગ્ન દોઢ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં છ મહિનાની દિકરી છે. માનસીબેન મવડી ચોકડી પાસે ક્લીનીક ચલાવતાં હતાં. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી. બનાવથી છ મહિનાની દિકરી મા વિહોણી થઇ જતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

ચોથા બનાવમાં ઉપલેટામાં નવાપરામાં શેરી નં. ૮માં રહેતાં સાડત્રીસ વર્ષના નમ્રતાબેન ચંદ્રવનભાઇ ભટ્ટ સાંજે ઘરે એસિડ પી જતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ નિપજતાં ઉપલેટા પોલીસને જાણ થતાં હેડકોન્સ. એચ. જી. જાંબુડીયાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

તપાસમાં ખુલ્યા મુજબ નમ્રતાબેન ઘરમાં ભુલથી પાણીને બદલે એસિડ પી ગયા હતાં. તેઓ ત્રણ બહેનમાં નાના હતાં અને બેંક ઓફ બરોડમાં કેશીયર તરીકે નોકરી કરતાં હતાં. તેમના પિતા તાલુકા પંચાયતના નિવૃત કેશીયર છે.

આ બનાવને પગલે પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. ઉપલેટા પોલીસ વધુ તપાસ કરશે. આમ ચાર અપમૃત્યુની ઘટનામાં અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજન ગુમાવી દીધા હતાં.

---

સાયબર ગઠીયાઓએ જુના નવા નુસ્ખા વાપરી વધુ બે ફ્રોડ આચર્યા

# ચલણની APK ફાઈલથી નાણા ઉસેડ્યા

## બીજા બનાવમાં યુએસડીટીમાં રોકાણ પર નફાની લાલચ આપી બાણુ લાખ ઉસેડી લીધાઃ એક ગઠીયો રાજસ્થાનથી હાથમાં આવતાં પુછતાછમાં ખુલી ચોંકાવનારી વિગતો

રાજકોટઃ તા. ૧૨

સાયબર ફ્રોડની ઘટનાઓ અટકતી જ નથી. રોજ કોઇને કોઇ વ્યક્તિ શિકાર બની જ જતાં હોય છે. એપીકે ફાઇલનો ઉપયોગ કરીને ગઠીયાઓએ વધુ એક યુવાનને છેતરી લીધો છે. વ્હોટ્સએપ ગ્રુપમાં આરટીઓ ઇ-ચલણની ફાઇલ આવતાં તે ઓપન કરતાં જ યુવાનનો મોબાઇલ ફોન હેક થઇ ગયો હતો અને તેના નાણા ઉપડી ગયા હતાં. બીજી ઠગાઇમાં યુએસડીટીમાં રોકાણ પર નફાની લાલચ આપી બાણુ લાખની ઠગાઇ કરવામાં આવી હતી. આ કિસ્સામાં પોલીસ એક ગઠીયાને રાજસ્થાનથી પકડી લાવી હતી.વિગતો પર નજર કરીએ તો સાયબર ગઠિયા અવનવી તરકીબ અપનાવીને લોકો સાથે ઠગાઈ કરી રહ્યા છે. તો ક્યારેક જુની તરકીબોનો પણ ઉપયોગ કરે છે. અમદાવાદ સરદારનગરમાં હાર્ડવેરની દુકાનમાં નોકરી કરતા કર્મચારીએ ભૂલથી આરટીઓના ચલણની ફાઇલ ખોલતાં મોબાઇલ હેક થઈ ગયો હતો. જોતજોતામાં જ અલગ અલગ લિપકાર્ટથી ટ્રાન્ઝેક્શનથી ક્રેડિટ કાર્ડમાંથી એક લાખ ઓગણીસ હજાર રૂપિયા મેળવી લીધા હતા. પણ




બેન્કમાંથી મેસેજ આવતાં છેતરાયાની જાણ થઈ હતી.

આ બનાવ અંગે એરપોર્ટ પોલીસે અજાણી વ્યક્તિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સરદારનગરમાં એરપોર્ટ પાસે રહેતા યુવકે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે તેઓ પોતાની દુકાનમાં કામ કરતા યુવક સાથે હાજર હતા ત્યારે વોટ્સએપ ગ્રુપમાં આરટીઓના ચલણની ફાઇલ આવી હતી. જેથી કારીગરે અજાણતાથી આ ફાઇલ ખોલતાંની સાથે મોબાઇલ હેક થઈ ગયો હતો અને ગણતરીની મિનિટમાં જ અજાણી વ્યક્તિએ અલગ અલગ લિપકાર્ટથી ટ્રાન્ઝેક્શનથી ક્રેડિટ કાર્ડમાંથી એક લાખ ઓગણીસ હજાર મેળવી લીધા હતા, જો કે બેન્કમાંથી મેસેજ આવતાં છેતરાયાની જાણ થઈ હતી. આ ઘટના અંગે એરપોર્ટ પોલીસે અજાણી વ્યક્તિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા કિસ્સામાં અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે શ્લ્ઝ્વ્માં ચા વળતરની લાલચ આપી રૂ. ૯૨.૭૫ લાખથી વધુની છેતરપિંડી કરનાર ગેંગના એક આરોપીને રાજસ્થાનથી ઝડપી પાડ્યો હતો. આ કેસમાં પોલીસે નાગોર જિલ્લામાંથી ગણપત બાબુલાલ પટેલની ધરપકડ કરી હતી. ફરિયાદી સાથે યુએસડીટીમાં રોકાણ કરાવી ચા વળતરની લાલચ આપવામાં આવી હતી. આરોપીઓએ એક વેબસાઇટ અને એપ્લિકેશન મારફતે રોકાણકારોને વધુ નફાના ખોટા આંકડા બતાવી વિશ્વાસમાં લીધા હતા. શરૂઆતમાં થોડું વળતર બતાવી વધુ રોકાણ કરવા પ્રેરિત કરવામાં આવતા હતા, અને બાદમાં પૈસા ઉપાડવાના સમયે વિવિધ બહાના બનાવી વધુ રકમ જમા કરાવવામાં આવતી હતી. આ ગુનાની તપાસ દરમિયાન સાયબર ક્રાઈમ ટીમે રાજસ્થાનના નાગોર જિલ્લાના રહેવાસી ગણપત બાબુલાલ પટેલની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે "નઈ ઉડાન ગ્લોબલ ફાઉન્ડેશન" નામના બેંક ખાતામાં ફરિયાદીના રૂ. ૧૦ લાખ ૭૭ હજાર ૪૦૦ જમા થયા હતા. વધુ તપાસ કરતા જાણવા મળ્યું છે કે માત્ર બે દિવસમાં આ ખાતામાં અંદાજે રૂ. ૪ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા. એટલું જ નહીં, આ ખાતા સામે દેશના વીસ અલગ અલગ રાજ્યોમાં છેતરપિંડીની ફરિયાદો નોંધાયેલી હોવાનું પણ ખુલ્યું હતું. આ સમગ્ર રેકેટ સાથે સંકળાયેલા અન્ય આરોપીઓ સુધી પહોંચવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

---

વિકૃત હવસખોરો ભાન ભુલીને આચરી લેતાં હોય છે શૈતાનીયતઃ એક ચોંકાવનારી ઘટના

# માસુમ બાળાને ૪૦ વર્ષના ઢગાએ કર્યા ચાળા

રાજકોટઃ તા. ૧૨

વિકૃત હવસખોર ઢગાઓ ન કરવાનું કરતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક ચાલીસ વર્ષના ઢગાએ સાત વર્ષની બાળકીને પોતાની પાસે બોલાવી નગ્ન વિડીયો બોલાવી બીભત્સ હરકતો કરી લેતાં ચકચાર જાગી છે. આ બનાવમાં પોલીસે પોક્સો હેઠળ કાર્યવાહી કરી હવસખોર ઢગાને પકડી લીધો હતો. ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ વલસાડના કૈલાશ રોડ વિસ્તારમાં એક એપાર્ટમેન્ટમાં બન્યો હતો. અહિ રહેતાં એક ચાલીસ વર્ષીય શખ્સે સાત વર્ષની બાળકીને પોતાના લેટમાં બોલાવી મોબાઈલમાં અશ્લીલ વીડિયો બતાવ્યા હતા અને જાતીય સતામણીનો -યાસ કર્યો હતો. વલસાડ સિટી પોલીસે ગણતરીના કલાકોમાં ગુનો નોંધી આરોપીની પોક્સો હેઠળ ધરપકડ કરી હતી. પોલીસ અને સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ઘટના રવિવારે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં બની હતી. ભોગ બનનાર સાત વર્ષની બાળકી તેની નાની બહેન સાથે લેટના નીચેના પાર્કિંગ એરિયામાં રમી રહી હતી.

આ દરમિયાન ઢગો અજીત દનુભાઈ ગાયકવાડ નામના શખ્સે બાળકીને કોઈ બહાને પોતાના લેટમાં બોલાવી લીધી હતી. લેટનો દરવાજો બંધ કરીને આરોપી અજીતે બાળકીને



પોતાના મોબાઈલ ફોનમાં અશ્લીલ વીડિયો અને ફોટા બતાવવાનું શરૂ કર્યું હતું. આ જોઈને બાળકી ગભરાઈ ગઈ હતી અને ત્યાંથી ભાગવાનો પ્રયાસ કરવા લાગી હતી. પણ આરોપીએ બાળકીનો હાથ પકડી લીધો હતો અને પોતાના પેન્ટની ચેઈન ખોલી શારીરિક અડપલાં તેમજ અશ્લીલ ચેષ્ટાઓ કરી હતી.

**રમતી બાળાને રૂમમાં પુરી નગ્ન વિડીયો બતાવી ગુપ્તાંગ કાઢી ભુંડી ચેષ્ટા કરીઃ પોલીસે હવસખોરને પકડીને ખોખરો કર્યો**

આ વખતે જ બાળકીને પાડોશીના ઘરમાં જતી જોઈ ગયેલી તેની મોટી બહેનને શંકા ગઈ હતી. તેણે તુરંત જ ઘરે જઈને માતાને આ અંગે જાણ કરી હતી. માતા તાત્કાલિક આરોપીના લેટ પર પહોંચી હતી અને દરવાજો ખખડાવ્યો હતો. શરૂઆતમાં આરોપીએ દરવાજો ખોલ્યો નહોતો, પરંતુ બહાર હોબાળો થતાં જ બાળકી ગમે તેમ કરીને દરવાજો ખોલી બહાર ભાગી આવી હતી અને રડતા-રડતા માતાને આપવીતી જણાવી હતી.

ઘટનાની જાણ થતાં જ સોસાયટીના અન્ય રહીશો પણ એકત્ર થઈ ગયા હતા. વલસાડ વિભાગના ડીવાયએસપી એ. કે. વર્માએ જણાવ્યું હતું કે બનાવની ફરિયાદ મળતા જ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી લીધી છે. ભોગ બનનાર બાળકીના પિતા વિદેશ નોકરી કરે છે, અહીં માતા પોતાના બાળકો સાથે રહે છે. વાલીઓને અપીલ છે કે સગીર વયના બાળકો જ્યારે પણ એપાર્ટમેન્ટ કે સોસાયટીમાં રમતા હોય, ત્યારે તેઓ કોઈ વડીલની દેખરેખ હેઠળ અથવા મોટા ભાઈ-બહેનની નજરે રમે તે ખૂબ જ જરૂરી છે, જેથી આવા બનાવો અટકાવી શકાય.

આ કિસ્સામાં પીડિતાની માતાએ તુરંત જ ઇમરજન્સી નંબર ૧૧૨ પર ફોન કરીને પોલીસને જાણ કરતા વલસાડ સિટી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આરોપી અજીત ગાયકવાડને કસ્ટડીમાં લઈ હવસખોરી ઉતારી નાખી હતી. પોલીસ તપાસમાં આરોપીનો કોઈ જૂનો ગુનાહિત ઈતિહાસ મળ્યો નથી. પોલીસે બાળા અને આરોપીની તબિબી તપાસ કરાવી હતી. અનેક વખત આ પ્રકારની ઘટનાઓ બનતી હોય છે. જેમાં ઘણીવાર તો બાળકી કે બાળકોને તેના જ નજીકના સગા પણ હવસખોરીનો શિકાર બનાવી લેતાં હોય છે.

---

દામ્પત્ય જીવનમાં શંકાના કીડાના ડગલા પડે એટલે વાત ચોક્કસપણે વણસે

# પત્નિ સાથે પ્રેમની આશંકાએ કુટુંબી સાળાની હત્યા

## હત્યારાને એવો વહેમ હતો કે તેની પત્નિને તેના જ કુટુંબી ભાઈ સાથે આડાસંબંધો છેઃ આ કારણે લાકડાના ફટકા મારી મોતને ઘાટ ઉતારી દીધોઃ બીજી ઘટનામાં પ્રેમસંબંધ પુરો કરતાં મહિલાના અંગતપળોના ફોટા કરી દીધા વાયરલ

રાજકોટઃ તા. ૧૨

દામ્પત્ય જીવનમાં શંકાના ડગલા પડતાં માથાકુટની ઘટનાઓ બનતી હોય છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં પતિને એવી શંકા હતી કે તેની પત્નિને પોતાના જ કુટુંબી એવા ભાઇ સાથે પ્રેમસંબંધ છે, આ શંકાને કારણે તેણે કુટુંબી સાળા સાથે માથાકુટ કરી હતી અને તેને લાકડીના ધોકાથી એવો ફટકાર્યો હતો કે તેના રામ રમી ગયા હતાં. હત્યાની આ ઘટનામાં પોલીસે કાર્યવાહી કરી આરોપીને દબોચી લેવા તજવીજ હાથ ધરી હતી. તાજેતરમાં આવી જ એક ઘટનામાં પતિએ પત્નિની હત્યા કરી હતી. ત્યાં હવે પતિએ કુટુંબી સાળાનું કાસળ કાઢી નાંખ્યાની બીજી ઘટના સામે આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વલસાડ શહેરની ધરમપુર ચોકડી નજીક પ્રેમ સંબંધની શંકાને કારણે એક વ્યક્તિએ પિતરાઈ સાળાની હત્યા કરી નાખી. આ ઘટના નિશ્ચય મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ સામેના ખુલ્લા મેદાનમાં બની હતી. પતિએ પત્નિ અને તેના દૂરના પિતરાઈ ભાઈ વચ્ચે આડા સંબંધ હોવાના વહેમમાં અન્ય એક શખ્સ સાથે મળીને સાળા પર વાંસના લાકડાથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસ ફરિયાદ અનુસાર ગુંદલાવ કોચર ફળિયાના વતની આરતીબેન ગણેશ રાજપુતે આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

તેઓ હાલ ધરમપુર ચોકડી નજીક ઝૂંપડામાં રહી કચરો વીણી ગુજરાન ચલાવે છે.રાત્રે આરતીબેન, તેમના પતિ ગણેશ વિજય રાજપુત અને દૂરના પિતરાઈ ભાઈ વિપુલ બાબુભાઈ નાયકા ઝૂંપડામાં હાજર હતા. તે સમયે ગણેશ રાજપુતને પત્નિઅને તેના પિતરાઈ ભાઈ વચ્ચે આડા સંબંધ હોવાની શંકા થતાં મામલો ગરમાયો હતો. વહેમના કારણે ઉશ્કેરાયેલા ગણેશ રાજપુતે ગાળાગાળી કરી ઝઘડો શરૂ કર્યો. ત્યારબાદ તેણે ત્યાં હાજર વિપુલ હીરાભાઈ વાઘેલા સાથે મળીને નજીકમાં પડેલા વાંસના જાડા લાકડાં વડે વિપુલ નાયકા પર હુમલો કર્યો.

બંને આરોપીઓએ વિપુલ નાયકાના માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં આડેધડ ફટકા માર્યા હતા. ભાઈને બચાવવા માટે આરતીબેન વચ્ચે પડતાં હુમલાખોરોએ તેમને પણ માર માર્યો. લાકડાના ફટકા વાગવાથી આરતીબેનને પીઠના ભાગે ઈજાઓ થઈ હતી. હુમલા બાદ વિપુલ નાયકા લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ સ્થળ પર પહોંચ્યા હતા. ઈજાગ્રસ્ત વિપુલને તાત્કાલિક વલસાડ




સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, પરંતુ સારવાર દરમિયાન મોડી રાત્રે તેનું મોત નીપજ્યું હતું. વલસાડ સિટી પોલીસે આ ઘટના અંગે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે ગણેશ વિજય રાજપુત અને વિપુલ હીરાભાઈ વાઘેલા સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા શોધખોળ શરૂ થઇ હતી.

પ્રેમસંબંધને કારણે ડખ્ખાનો બીજો એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં પારડી તાલુકાના એક ગામમાં પ્રેમ સંબંધનો કરુણ અને ચોંકાવનારો અંજામ સામે આવ્યો છે. બે સંતાનની માતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતી ચાલીસ વર્ષીય મહિલાને પરિચિત યુવક સાથે પ્રેમ સંબંધ રાખવો ભારે પડી ગયો હતો. મહિલાએ સંબંધોનો અંત આણતા ઉશ્કેરાયેલા પ્રેમીએ મહિલાના અંગત પળોના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી બદનામ કરી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. બે વર્ષ પહેલાં મહિલાના ઘરે વાયરિંગનું કામ કરવા આવેલા જગદીશ નામના યુવક સાથે મહિલાનો -ેમ સંબંધ બંધાયો હતો. બંને અવારનવાર ફરવા જતાં અને પરસ્પર સહમતીથી અંગત પળોના ફોટા પણ પાડ્યા હતા.

પણ થોડા સમય પહેલાં જગદીશનું વર્તન બદલાયું હતું. પૂછપરછ કરતાં તેણે સ્વીકાર્યું કે તે માત્ર "ટાઇમપાસ" કરતો હતો. આ સાંભળી મહિલાએ તેની સાથે વાત કરવાનું બંધ કરી તેનો નંબર બ્લોક કરી દીધો હતો. આ બાબતનો ખાર રાખી જગદીશે મહિલાને ગાળો આપી ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. જગદીશે ક્રૂરતાની હદ વટાવી પોતાના વ્હોટ્સએપ સ્ટેટસમાં મહિલા સાથેના અંગત ફોટા મૂકી દીધા હતા. મહિલાના પુત્ર અને દિયરે આ સ્ટેટસ જોતાં જ પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આખરે સામાજિક બદનામીનો ભોગ બનેલી મહિલાએ હિંમત દાખવી પારડી પોલીસ સ્ટેશન પહોંચી જગદીશ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવી હતી.

### જુના ગામમાં આંટો મારવા ગયા ને જુના પાડોશીએ ઘા કરી લીધાઃ હાલત ગંભીર

# પારડીમાં બાપ-બેટાએ મહિલાને છરીના ૯ ઘા ઝીંક્યા

રાજકોટઃ તા. ૧૨

હત્યાની કોશિષનો એક બનાવ રાજકોટ જીલ્લાના શાપરના પારડી ગામે બન્યો છે. રાજકોટના કોઠારીયા સોલવન્ટમાં રહેતી મહિલા પારડી કોઇ કામ માટે ગઇ ત્યારે ત્યાંના શીતળા માતાજીના મંદિર નજીક તેણી ઉપર તેના પુર્વ પાડોશી પિતા-પુત્રએ છરીથી તૂટી પડી આડેધડ નવ જેટલા ઘા મારી દેતાં લોહીલુહાણ થઇ ઢળી પડી હતી. ગંભીર હાલતમાં તેણીને સારવાર માટે દાખલ કરવામાં આવતાં શાપર પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો છે.

આરોપીઓ ભાગી ગયા હોઇ અને મહિલા બેભાન હોઇ હાલ આ હુમલાનું કારણ સામે આવ્યું નથી. પેટમાં એક ઘા એવો લાગ્યો હતો કે મહિલાનું આંતરડુ પણ બહાર આવી ગયું હતું.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટ રસુલપરા હુશેની ચોક પાસે રહેતાં સાડત્રીસ વર્ષના ઝુબેદાબેન અયુબભાઇગુડદી સાંજે પારડીમાં શિતળા માતાજીના મંદિર પાસે હતાં ત્યારે પ્રવિણ ઉર્ફે પવલો ગેલાભાઇ વાઘેલા અને તેના દિકરા ક્રિશ ઉર્ફે ઢીંગો પ્રવિણભાઇ વાઘેલાએ મળી છરીથી હુમલો કરી પેટ, ગળા પર આડેધડ ઘા મારી દેતાં તેણી લોહીલુહાણ થઇ ઢળી પડી હતી. લોકો ભેગા થઇ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. ઝુબેદાબેનને સારવાર માટે રાજકોટ ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં શાપરના પોલીસ ઇન્સપેકટર આર. બી. રાણાએ રાજકોટ પહોંચ્યા હતાં.

ઝુબેદાબેન બેભાન હોઇ પોલીસે તેમની દિકરી ખુશી શીવમભાઇ તિવારી (ઉ.વ.૧૯-રહે. જુના માર્કેટ યાર્ડ પાસે હા.બોર્ડ ક્વાર્ટર)ની ફરિયાદ પરથી પ્રવિણ અને તેના દિકરા ક્રિશ વિરૂધ્ધ હત્યાની કૌશિષનો ગુનો દાખલ કરી બંનેને શોધી કાઢવા તજવીજ કરી હતી.

ખુશીબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના માતા જુબેદાબેન અયુબભાઈ ગુડદી અગાઉ પારડી ગામે શીતળા મંદિર પાસે ભાડે રહેતા હતા. ગઈકાલે સાંજે સાડા આઠેક વાગ્યાના અરસામાં ઝુબેદાબેન કોઈ કામસર પારડી ગામે ઝાલાવાડી પાનની દુકાન પાસેથી પસાર થઈ રહ્યા હતા. એ વખતે તેણીના પુર્વ પાડોશી પ્રવિણ ગેલાભાઇ વાઘેલા અને તેના દીકરા ક્રિસ ઉર્ફે ઢીંગો પ્રવિણભાઈ વાઘેલા એ કોઈ અગમ્ય કારણોસર જુબેદાબેન સાથે ઝઘડો કર્યો હતો.



એક ઘા તો એવો લાગ્યો કે આંતરડુ બહાર નીકળી ગયુંઃ કોઠારીયા સોલવન્ટના સાડત્રીસ વર્ષિય ઝુબેદાબેન ગંભીર હાલતમાં સારવાર હેઠળઃ શાપર પોલીસે તપાસ શરૂ કરી

આ ઝઘડો એટલો ઉગ્ર બન્યો હતો કે પિતા-પુત્રએ ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલી છરી વડે જુબેદાબેન પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. હુમલાખોરોએ મહિલાને પેટના ભાગે ૪ ઘા મારી દીધા હતાં.

જેમાં ડૂંટીની નીચે એક ડો ઘા લાગડતાં આંતરડું બહાર આવી ગયું હતું. તેમજ પીઠ-કમરના ભાગે બે ઘા તેમજ ગળા અને ગાલ પર છરીના ઘા મારી દીધા હતાં. હુમલા બાદ ઘટનાસ્થળે હાજર લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. આ દરમિયાન ફરિયાદી ખુશીબેનના પતિ શિવમના મિત્ર અર્જુન વેગડાએ ફોન કરીને જણાવ્યું કે તારા સાસુ ઝુબેદાબેનને પારડીમાં રિક્ષામાં આવેલા કોઈ માણસોએ છરી મારી દીધી છે.

આ સાંભળતા જ ખુશીબેને તુરંત જ માતાના મોબાઈલ પર ફોન કરતા ત્યાં હાજર એક અજાણ્યા મહિલાએ ફોન ઉપાડીને જણાવ્યું કે તેમને ગંભીર હાલતમાં રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયેલી દીકરી ખુશીબેને જ્યારે લોહીલુહાણ હાલતમાં સારવાર લઈ રહેલા માતા જુબેદાબેનને પુછયુ ત્યારે ગંભીર રીતે ઘવાયેલા અને ભાનમાં રહેલા માતાએ જણાવ્યું હતું કે પાડોશમાં રહેતા પ્રવિણ ગેલાભાઈ વાઘેલા અને તેના દીકરા ક્રિસ ઉર્ફે ઢીંગાએ આ જીવલેણ હુમલો કર્યો છે.

હોસ્પિટલના તબીબોના જણાવ્યા મુજબ, મહિલાના આંતરડામાં ગંભીર ઈજાઓ થઈ હોવાથી તાત્કાલિક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને તેમની સ્થિતિ નાજુક છે. આ કેસની આગળની તપાસ રાજકોટ ગ્રામ્યના પોલીસ ઇન્સ્પેક્ટર રવિરાજસિંહ બી. રાણા ચલાવી રહ્યા છે આરોપીઓને ઝડપી લેવા ટીમ કામે લાગી હતી.

### ઓનલાઇન તો ઠીક ઓફલાઇન પણ આવી ઠગાઇઓ વધી ગઇઃ જાણીતા જ ઘા કરી ગયા

# શેર ખરીદવાના નામે મિત્રની ૧૮ લાખની ઠગાઇ

### રીયલ એસ્ટેટનું કામ કરતાં યુવાનને ભાઇબંધે પોતાના સાગરીત સાથે મળી લાખોનો ચૂનો લગાવી દીધીઃ પોલીસે બંનેને ઝડપી લેવા શરૂ કરી તપાસ

રાજકોટઃ તા. ૧૨

શેર બજારમાં રોકાણ, શેર ખરીદવાથી મોટો નફો થશે એ સહિતના ગતકડાઓ વહેતા મુકી ઠગાઇ કરી લેવાના કિસ્સા સતત બને છે. ઓનલાઇન તો ઠીક ઓફલાઇન એટલે કે રૂબરૂમાં આવીને પણ ગઠીયાઓ સરળતાથી આવા નુસ્ખાનો ઉપયોગ કરી ઠગાઇ કરે છે. વધુ એક આવા બનાવમાં એક યુવાન સાથે તેના જ મિત્ર સહિત બે જણાએ અઢાર લાખની છેતરપીંડી કરી લીધી હતી. જથ્થાબંધ-બલ્કમાં શેર ખરીદવાથી મોટો ફાયદો થશે તેવુ કહી રોકાણ કરાવી રૂપિયા ખાઇ જવામાં આવ્યા હતાં.




વિગતો પર નજર કરીએ તો વડોદરાના આજવા રોડ વિસ્તારમાં રહેતા અને રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા રાહુલ કમલેશભાઈ વૈષ્ણવ નામના યુવક સાથે બલ્ક સ્ટોકના નામે અઢાર લાખની મોટી છેતરપિંડી થવાનો મામલો સામે આવ્યો છે. આ અંગે ભોગ બનનાર યુવકે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદની વિગતો અનુસાર, ફરિયાદી રાહુલ વૈષ્ણવ આજવા રોડ પર આવેલી શર્મા રિયલ એસ્ટેટ નામની ઓફિસથી મકાન લે-વેચ અને ભાડાનું કામ કરે છે. થોડા સમય પહેલાં આજવા રોડ સિગ્મા કોલેજ પાસેના સ્પોર્ટ્સ અરેના ક્રિકેટ ગ્રાઉન્ડ પર બોક્સ ક્રિકેટ રમવા દરમિયાન તેમની મુલાકાત મોહિત અગ્રવાલ નામના વ્યક્તિ સાથે થઈ હતી. જે શેરબજારનું કામ કરતો હતો.

ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા થતાં અવારનવાર ફોન પર વાતચીત થતી હતી. બાદ મિત્રો સાથે ભેગા થયેલા ત્યારે મોહિત અગ્રવાલે સ્ટોક માર્કેટ અંગે વાત કરી હતી. રાહુલે તેને જણાવ્યું હતું કે આજવા રોડ પર રહેતા વિશ્વજીત સોલંકી નામના વ્યક્તિ બજાર ભાવ કરતાં ત્રણ રૂપિયા ઓછા ભાવે બલ્કમા સ્ટોક મેળવી આપે છે. આ પછી મોહિત અગ્રવાલે રાહુલને ફોન કરીને બલ્કમાં સ્ટોક લેવાની ઈચ્છા જાહેર કરી હતી. રાહુલે આ અંગે વિશ્વજીત સોલંકી સાથે વાત કરતાં તેણે મોહિતને રૂપિયા લઈને આજવા ચોકડી પાસે આવેલા રામાધણી કલેક્શનમાં મેહુલ સાટીયા પાસે મોકલવા જણાવ્યું હતું.

બાદમાં મોહિત અગ્રવાલ રોકડા ૧૮ લાખ લઈને રાહુલ વૈષ્ણવની ઓફિસે આવ્યો હતો. વિશ્વજીતના કહેવા પ્રમાણે આ રકમ રામાધણી કલેક્શનના મેહુલ સાટીયાને આપવાની હતી. મેહુલે ફોન પર જણાવ્યું કે તે વિશ્વજીતના ઘરે રૂપિયા ગણવા જાય છે, પરંતુ રાહુલે પોતાની ઓફિસે રૂપિયા ગણવાનું મશીન હોવાનું કહી મેહુલને ત્યાં બોલાવ્યો હતો. ઓફિસ પર મશીન ન ચાલતાં ફરિયાદીના ભાઈ જયદીપ, મિત્ર રમણદીપ સિંગ અને મેહુલ સાટીયાએ ભેગા મળીને હાથેથી તમામ રૂપિયા ગણ્યા હતા. રૂપિયા ગણાઈ ગયા બાદ રમણદીપ સિંગ અને મેહુલ સાટીયા રૂપિયા લઈને નીકળ્યા હતા. સાંજે રમણદીપે રાહુલને ફોન પર ચોંકાવનારી હકીકત જણાવી હતી.

તેણે કહ્યું હતું કે જ્યારે તેઓ આજવા ચોકડી કાન્હા સીટી પાસે પહોંચ્યા, ત્યારે મેહુલ સાટીયાએ તેને સિગારેટની તલપ લાગી હોવાનું કહી સિગારેટ લેવા ગાડીમાંથી નીચે ઉતાર્યો હતો. રમણદીપ જેવો નીચે ઉતર્યો કે તરત જ મેહુલ પોતાની સ્કોર્પિયો ગાડી ચાલુ કરી અઢાર લાખ રોકડા લઈને ભાગી છૂટચો હતો. આ ઘટના બાદ મેહુલ સાટીયાએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. જ્યારે ફરિયાદીએ વિશ્વજીત સોલંકીને ફોન કર્યો, ત્યારે શરૂઆતમાં વિશ્વજીતે જણાવ્યું કે, મેહુલ મારો પણ ફોન ઉપાડતો નથી, કોઈની દાનત બગડી ગઈ લાગે છે. હું કાલે સવારે રાજકોટથી આવીને બધું પતાવી દઈશ. ત્યારપછીના દિવસથી વિશ્વજીત સોલંકીએ પણ પોતાનો ફોન બંધ કરી દીધો છે.

### જૂગારના બે દરોડાઃ ડીસીબી-આજીડેમ પોલીસ ત્રાટકી

# ઘરમાં પત્તા ટીચતાં ૭ ગૃહિણી, પટમાં ખેલતાં ૫ પુરૂષ પકડાયા

રાજકોટઃ તા. ૧૨

શહેરમાં જૂગારની મોસમ ખીલી ગઇ છે. બે સ્થળે ડીસીબી અને આજીડેમ પોલીસે દરોડા પાડી સાત મહિલા સહિત બારને પકડી લીધા હતા. જેમાં ડીસીબીની ટીમે દોઢસો ફુટ રીંગ રોડ ગોવર્ધન ચોક પાસે માધવ પાર્કમાં આવેલા શીવાલય એપાર્ટમેન્ટમાં ત્રીજા માળે શિતલબેન હીરાણીના ફ્લેટમાં ચાલતાં જૂગારધામ પર દરોડો પાડી સાત મહિલાને પકડી ૬૩૨૦૦ની રોકડ કબ્જે કરી હતી. જ્યારે આજીડેમ પોલીસે કાળીપાટ ગામે દરોડો પાડી જાહેરમાં જૂગાર રમતાં પાંચ શખ્સોને પકડી લઇ રૂા. ૨૦૦૪૦ની રોકડ જપ્ત કરી હતી.

વિગતો પર નજર કરીએ તો દારૂ જૂગારના કેસ શોધવા ડીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ડીસીબીના હરપાલસિંહ જાડેજા, કનકસિંહ સોલંકી, રાજેશભાઇ ચાવડા, દિપલબેન ચૌહાણ, શિલ્પાબેન વીરજા સહિતને બાતમી મળતા માધવપાર્ક મેઇન રોડ પર આવેલા શિવાલય એપાર્ટમેન્ટના ત્રીજા માળે લેટ નં. ૩૦૧માં દરોડો પાડી ઘરધણી શીતલબેન અલ્પેશભાઇ હીરાણી તેમજ શીતલબેન કાંતીભાઇ કાલરીયા રહે. ગોવિંદરત્ન સોસાયટી શેરી નં.૨ માધવપાર્ક, જાગૃતીબેન રાજેન્દ્રભાઇ કોટેચા રહે. ગોવિંદરત્ન સોસાયટી શેરી નં. ૨, માધવપાર્ક, ડોલીબેન દેવાંગભાઇ ચાવડા રહે. ખોડીયાર નગર સોસાયટી શેરી નં. ૮, એસટી. વર્કશોપ પાછળ ગોંડલ રોડ, અંજલીબેન તેજપાલસિંહ પરમાર રહે. અંકુરનગર સોસાયટી શેરી નં. ૨, ગુરૂપ્રસાદ ચોક પાસે, જીજ્ઞાબેન ભાવેશભાઇ પીપળવા રહે. સંસ્કાર સાનિધ્ય એપાર્ટમેન્ટ લેટ નં. એ-૬૦૧, રામધણની બાજુમાં, મવડી અને શાર્લીનબેન દિપકભાઇ મહેતા રહે. અંબિકા એપાર્ટમેન્ટ લેટ નં. ૧૦૨, મારૂતિનગર સોસાયટી શેરી નં.૩, એરપોર્ટ રોડને જૂગાર રમતાં પકડી લઇ કાર્યવાહી કરી હતી.

**ગોવર્ધન ચોકમાં ફ્લેટમાં અને કાળીપાટમાં મેદાનમાં પડ્યો દરોડો**

બીજા દરોડામાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. દેવાંગભાઇ પાલા, ભરતભાઇ જોગીયા સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી પરથી કાળીપાટ ગામે રાજુભાઇ કુંભારની વાડી પાસે દરોડો પાડી રમેશ રવજીભાઇ મકવાણા (રહે. માધવવાટીકા, માંડાડુંગર), રમેશ બચુભાઇ વાળા ( રહે. લાલશા પીરની દરગાહ પાસે, ધોરાજી, રાજુ વાઘાભાઇ જરવરીયા (ઉં.વ. ૩૩, રહે. ગણેશ સોસાયટી, કોઠારીયા ચોકડી પાસ), સંજય દેવજીભાઇ મકવાણા (રહે. માધવવાટીકા, માંડાડુંગર), જયેશ વીરજીભાઈ ડાભી (રહે. માંધાતા સોસાયટી, ભીચરી રોડ)ને પકડી લઇ રૂા. ૨૦૦૪૦ની રોકડ કબ્જે કરી હતી. આમ બે દરોડામાં ઘરમાં જૂગાર રમતાં સાત મહિલા અને પટમાં ખેલ ખેલતાં પાંચ પત્તાપ્રેમી પકડાયા હતાં.

### વળી એક નવુ ગતકડુ સાયબર ગઠીયાઓ લઇ આવ્યાઃ રાજકોટના વેપારી છેતરાયા

# ચાર નકલી ઇન્સ્ટા આઇડી બનાવી બારોબાર સોદા કર્યા

### કોઠારીયા રોડના પેકેજીંગના વ્યવસાયીના નામે ચાર આઇડી બનાવી તેમના અસલી જીએસટી નંબરનો ઉપયોગ કરી દેશભરના ગ્રાહકો પાસેથી નાણા ઉસેડ્યાઃ ગ્રાહકોએ પોતાને માલ નહિ મળ્યાની ફરિયાદો કરી ત્યારે વેપારીને ફ્રોડની જાણ થઇઃ સાયબર ક્રાઇમ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટઃ તા. ૧૨

સાયબર ગઠીયાઓ અલગ અલગ રીતે છેતરપીંડી કરતાં હોય છે. વધુ એક નવતર કિમીયો સામે આવ્યો છે. જેમાં રાજકોટ શહેરમાં પેકેજીંગ પેઢી ધરાવતાં વેપારીની આ પેઢીના નામે ઈન્સ્ટાગ્રામ પર અલગ-અલગ ચાર નકલી એકાઉન્ટ્સ બનાવી અલગ અલગ લોકો સાથે ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવતાં ફરિયાદ સામે આવતાં સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી છે. ગઠિયાઓએ વેપારીની પેઢીના અસલી જીએસટી નંબર અને સરનામાનો દુરૂપયોગ કરી બોગસ બિલ બનાવી ગ્રાહકો પાસેથી રાજકોટ નાગરિક બેંકના ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવી ઓર્ડર મુજબ માલ મોકલ્યો નહોતો. રાજકોટ સહિત દેશભરના ગ્રાહકો સાથે આ રીતે ઠગાઇ કરવામાં આવ્યાનું સામે આવ્યું હતું.

નવતર એવી આ ઠગાઇની વિગતો જોઇએ તો આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસે કોઠારીયા રોડ આનંદનગર મેઇન રોડ પર અમૃત પાર્ક-૧માં ગુરૂકૃપા ખાતે રહેતાં હિતેષભાઇ છગનભાઇ કાકડીયા નામના પિસ્તાલીસ વર્ષના વેપારીની ફરિયાદ પરથી અલગ અલગ નામે ચાર ઇન્સ્ટાગ્રામ આઇડી બનાવનાર શખ્સ અને રાજકોટ નાગરિક બેંકના એક ખાતા ધારક સામે ગુનો દાખલ કર્યો હતો. ગઠીયાએ ભળતી આઇડી બનાવી રાજકોટ ઉપરાંત દિલ્હી, સરાહનપુરના લોકો પાસેથી ઓનલાઇન પૈસા મેળવી લઇ માલ નહિ પહોંચાડી ઠગાઇ કરી હતી. ફરિયાદની વિગત હિતેશભાઈકાકડીયા આજી નદીના પુલ પાસે, મીરા ઉદ્યોગ ઇન્ડસ્ટ્રીઝ શેરી નં. ૬માં 'પેકેજીંગ હબ'ના નામે છેલ્લા ચાર વર્ષથી પેકેજીંગ બોક્સનો મોટો વ્યવસાય કરે છે. પોતાના ધંધાના ઓનલાઈન પ્રમોશન માટે તેમણે વર્ષ ૨૦૨૧થી ઈન્સ્ટાગ્રામ આઈડી પેકેજીંગહબ૧ બનાવેલુ છે.




દરમિયાન છેલ્લા એકાદ વર્ષથી કોઈ અજાણ્યા સાયબર ગઠિયાઓએ તેમના ધંધાના નામનો દુરૂપયોગ શરૂ કર્યો છે. આરોપીઓએ ગ્રાહકોને છેતરવા માટે અલગ અલગ ચાર ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યા હતાં. ગઠિયાઓ આ ફેક આઈડી પર ગ્રાહકો સાથે ઓનલાઈન વાતચીત કરતા હતા અને ઓર્ડર કન્ફર્મ કરવા માટે હીતેશભાઈની પેઢીનો સાચો જીએસટી નંબર તથા તેમના ધંધાનું સરનામું છાપેલા બોગસ બિલ મોકલી આપતા હતા, જેથી ગ્રાહકોને વિશ્વાસ બેસી જાય. ગત ૬ માર્ચ ૨૦૨૬ના રોજ એક ભોગ બનનાર ગ્રાહકે હીતેશભાઈને ફોન કર્યો હતો કે તેણે રૂપિયા ૨,૪૦૦ના બોક્સનો ઓર્ડર આપ્યો હતો.

જો કે તેણે ઓનલાઇન રકમ મોકલી દીધી હોવા છતાં ઓર્ડર મુજબના બોક્સ મળ્યા નહોતાં.ગઠિયાઓએ તેમને મોકલેલા બિલમાં હીતેશભાઈનો જ જીએસટી નંબર હતો. ગ્રાહકે જણાવ્યું કે તેણે પેકેજીંગ-૮ નામની ઇન્સ્ટાગ્રામ આઈડી પર વાત કરીને કયુઆર કોડ તેમજ રાજકોટ નાગરિક સહકારી બેંકના ખાતામાં રકમ ટ્રાન્સફર કરી દીધી હતી, પરંતુ લાંબો સમય થવા છતાં માલ સામાન મળ્યો ન હતો.

આ ઉપરાંત દિલ્હીના રહેવાસી ગુરપ્રીત કૌર, નવસારીના વૈભવ ચોપરા, સહારનપુર-યુપીની આશના ગર્ગ તેમજ અન્ય એક વ્યક્તિ સહિત દેશના અલગ અલગ રાજ્યોમાંથી લોકો આ ટોળકીનો શિકાર બન્યા છે અને તમામે ફરિયાદી વેપારીનો સંપર્ક કરી આપવીતી જણાવી હતી. આ ઓનલાઈન ફ્રોડ અંગે ભોગ બનનાર પૈકીના એક ગ્રાહક મેહના ઇબ્રાહીમ દ્વારા નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ફરિયાદ પણ દાખલ કરવામાં આવી હતી. અન્ય ભોગ બનનારાઓએ પણ અરજીઓ કરી છે. અજાણ્યા શખ્સો દ્વારા પોતાના ધંધાના નામ, જીએસટી નંબર અને સરનામાનો ખોટો ઉપયોગ કરી, બોગસ દસ્તાવેજો બનાવી લોકો પાસેથી પૈસા પડાવી પેઢીની બજારમાં પ્રતિષ્ઠા ખરડાવવામાં આવી રહી હોવાથી હીતેશભાઈ કાકડીયાએ સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરતાં એએસઆઇ વી. એન. કુછડીયાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# મનપાની ૧૫ સમિતિઓના નામની ઘોષણા "ઘોંચમાં" ?



"ખાસ જનરલ બોર્ડ અંગે હજુ પણ અસમંજસ : શિક્ષણ સમિતિ માટે જબરૂ લોબિંગ"

રાજકોટ, તા. ૧૨

મહાનગરપાલિકાના નવનિયુક્ત હોદ્દેદારોની વર્ણી થઈ ચૂકી છે પરંતુ હજી ૧૫ સમિતિઓની રચના કરવામાં ઘણો ખરો સમય વ્યક્ત થઈ ચૂક્યો છે અને એ વાતની પણ સ્પષ્ટતા થતી નથી કે ખાસ જનરલ બોર્ડ હવે ક્યારે બોલાવવામાં આવશે. સાથોસાથ શિક્ષણ સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ અંગે પણ હાલ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે અને ખાસ લોબિંગ પણ શરૂ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ ક્યારે મળશે તે હવે જોવાનું રહ્યું. કારણ કે હજુ પણ આ અંગે અનિશ્ચિતતા જોવા મળી રહી છે. ભાજપની નવી બોડીના પદાધિકારીઓની નિમણુંક બાદ પેટા સમિતિઓની રચનામાં પણ ખુબ લાંબો સમય નીકળી રહ્યો છે. તેની સાથે સાથે શિક્ષણ સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુકિતનો મામલો પણ પ્રદેશ ભાજપમાં અટવાઈ ગયો છે. અગાઉ જે ઉમેદવારની ટિકિટ આપવામાં આવી હતી અને તેઓની નારાજગીને જોતા તેઓને શિક્ષણ સમિતિના ચેરમેનનું પદ આપવાનો નિર્ણય કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું પરંતુ ભાજપમાં કંઈ પણ થઈ શકે છે ત્યારે શિક્ષણ સમિતિ નું પદ કોને આપવામાં આવશે તે તો સમય જ જણાવશે પરંતુ હાલ ખાસ લોબિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે

વર્ષે રૂ.૧૨૫ કરોડનું બજેટ અને ૧૦૦થી વધુ પ્રાથમિક શાળાઓનું સંચાલન કરતી મનપાની આ શિક્ષણ સમિતિને સ્વતંત્ર રીતે વહીવટ ચલાવે છે અને મનપામાં બજેટ મંજુર કરાવે છે. રાજય સરકારની સંપૂર્ણ ગ્રાન્ટમાંથી પગાર સહિતના ખર્ચ થતા હોય છે.

કુલ ૧૫ સભ્યોમાં એક અનુ.જાતિ બેઠક હોય છે. સરકાર નિયુક્ત, શિક્ષિત, સામાન્ય સહિતની બેઠકો તેમાં સામેલ હોય છે. ૧૮ વોર્ડની ૭૨ બેઠકોમાંથી હાલ ભાજપ પાસે ૬૫ અને કોંગ્રેસ પાસે ૭ બેઠક છે.

રાજકોટ મહાનપાલિકામાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક એમ મુખ્ય પાંચ હોદ્દા ઉપર ભારે ગડમથલ બાદ આખરે નામ જાહેર કરી દેવાયા છે. આ તમામ પદાધિકારીઓએ પોતપોતાનો ચાર્જ સંભાળી કામગીરી પણ શરૂ કરી દીધી છે. આવતા સપ્તાહે ખાસ જનરલ બોર્ડમાં મનપાની જુદી-જુદી ૧૫ સમિતિઓના ચેરમેનનાં નામની જાહેરાત કરવામાં આવે તેવી પૂરતી શક્યતા છે. ઓફિસ, પ્યુન સહિતની સુવિધાવાળો આ હોદ્દો મેળવવા જીતેલા નગરસેવકોમાં ભારે ખેંચતાણ શરૂ થઈ છે. અને 'વજનદાર' ગણાતી અમુક સમિતિ મેળવવા માટે એક કે બીજી રીતે દોડધામ કરવા લાગ્યા હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળી રહ્યું છે.

મહાનગરપાલિકામાં બાંધકામ, સેનિટેશન, સમાજ કલ્યાણ, આરોગ્ય, લાઈટિંગ, વોટર વર્કસ, માર્કેટ, કાયદો અને નિયમો, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ અને ક્લિયરન્સ, પ્લાનિંગ, ડ્રેનેજ, બાગ-બગીચા અને ઝૂ, શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ, માધ્યમિક શિક્ષણ અને આનુષંગિક શિક્ષણ તથા એસ્ટેટ મેનેજમેન્ટ સહિતની વિવિધ ૧૫ સમિતિઓ કાર્યરત છે. સ્ટેન્ડિંગ કમિટીમાં સ્થાન ન મળ્યું હોય એવા સીનિયર કોર્પોરેટરને પ્રાધાન્ય આપવાની નવી વ્યુહરચના પક્ષ દ્વારા ઘડવામાં આવી રહી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આવતાં અઠવાડિયે સમિતિના ચેરમેનોની સત્તાવાર નિમણૂક કરવા અને પદભાર સોંપવા ખાસ જનરલ બોર્ડ બોલાવવામાં આવશે જેમાં નામોની સત્તાવાર જાહેરાત થશે.


# સ્વ. વિજયભાઈને શ્રદ્ધાંજલિ પાઠવવામાં મનપા-ભાજપ "ઊણું"

## વિવિધ સંગઠનો તથા સ્વેચ્છિક સંસ્થાઓએ પાઠવી પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

રાજકોટ, તા. ૧૨

ગુજરાતના મૃદુ અને મક્કમ એવા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ગઈકાલે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ હતી જેને ધ્યાને લઈ રૂપાણી પરિવાર તથા ભાજપના જુના કાર્યકરો દ્વારા વ્યક્તિગત વિવિધ સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે મહાનગરપાલિકા અને ભાજપ પક્ષ દ્વારા એક પણ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તેનો કાર્યક્રમ યોજવામાં ન આવ્યો પરિણામ સ્વરૂપે હાલ રાજકારણ પૂર્ણતઃ ગરમાયું છે. રાજકોટને એક અલગ જ અને આગવી ઓળખ આપનાર સ્વ વિજયભાઈ રૂપાણીની ગઈકાલે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ હતી ત્યારે ભાજપ પક્ષ તેના સંસ્મરણો વાગોળવા અને કાર્યક્રમ આપવામાં નિષ્ફળ નીવડ્યું હતું.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલ વિજયભાઈ રૂપાણી ને ગઈકાલે એક વર્ષ પૂર્ણ થયું છે જેનો શોક અને આઘાત આજે પણ રાજકોટવાસીઓ ભૂલી શક્યા નથી.



પરંતુ બીજો સૌથી મોટો આઘાત તો ગઈકાલે રાજકોટની જનતાને એ લાગ્યો કે મહાનગરપાલિકા દ્વારા કોઈપણ કાર્યક્રમ યોજવામાં ન આવ્યો અને ભાજપ પક્ષ પણ નિષ્ફળ નીવડ્યું.

શહેરના કેટલાક સંગઠનો અને સંસ્થાઓએ સ્વેચ્છાએ સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પતા કાર્યક્રમો યોજયા છે પરંતુ જેની જવાબદારી છે તેવા શહેર ભાજપના હોદ્દેદારો, પ્રવકતાઓ તથા પેપરજીવી નેતાઓ નફટાઈપૂર્વક જવાબદારીથી ભાગ્યા છે અને શ્રધ્ધાંજલીના બે શબ્દો ઉચ્ચારવામાંથી પણ ગયા છે. સ્વ.વિજયભાઈની આંગળી પકડીને નેતા બનેલા કાર્યકરોની રાજકોટમાં મોટી ફોજ છે. આજના હોદ્દેદારો-પદાધિકારીઓ પણ વિજયભાઈની જ દેન છે. આ સિવાય વિજયભાઈના સતાના વૈભવનો લાભ લઈને પંખા વગરની સાઈકલમાં ફરતાં અનેક કાર્યકરો આજે નેતા બની લકઝરી મોટરકારોમાં ફરતા થઈ ગયા છે. પરતુ આ નેતાની પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલીના બે શબ્દો બોલવામાંથી પણ આવા કાર્યકરોને 'શરમ' નડી છે. પારિવારીક ભાવના ધરાવતી પાર્ટીમાં આ ઘટનાથી અલગ જ 'કલ્ચર' લોકો નિહાળી રહ્યાં છે.

મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ, કન્ટીનર ડેપો, સ્માર્ટસિટી, રાજકોટ-અમદાવાદ સિકસલેન હાઈવે, સૌરાષ્ટ્રની સૌથી મોટી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ સહિત અનેક મોટા પ્રોજેકટ મળ્યા છે જે બાબતનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. સ્વ.વિજયભાઈ મુખ્યમંત્રી હતાં ત્યારે ગાંધીનગરમાં રાજકોટના નેતાઓનો દબદબો હતો અને સચિવાલયમાં ગ્રીન ચેનલમાં એન્ટ્રી મળતી હતી.

સૌથી આંચકાજનક વલણ શહેર ભાજપનું અને મહાનગરપાલિકાના સતાધિશોનું છે. રાજકોટમાં ભાજપને વટવૃક્ષ બનાવવામાં લોહી પરસેવો એક કરનાર નેતાને પુષ્પાંજલીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો નથી. હિંદુ સંસ્કૃતિની 'સમય સમય બલવાન, નહીં મનુષ્ય બલવાન' વાળી કહેવત આજે યાદ આવી જાય છે. જે નેતાએ પોતાના જીવન પર્યત રાજકોટની સેવા કરી અને રાજકોટ શહેરના વિકાસ માટે ઘણુ બધુ કર્યુ છે અને પોતાની કાર્યશૈલીના બળે મુખ્યમંત્રી પદ સુધી પહોંચ્યા હતાં તેને શ્રધ્ધાંજલી અર્પવામાં પણ નફફટ નેતાઓને 'શરમ' આવી રહી છે. ભાજપના આ નવા 'કલ્ચર' થી રાજકોટનું ભાવી કેવું હશે તેનો ડરામણો સંદેશો પણ આ ઘટનાક્રમ પરથી આવી જાય છે.

### વડાપ્રધાન મોદી કરશે ઉદ્દઘાટન : દેશની શાસન વ્યવસ્થાને વધુ મજબૂત કરવાના હેતુ

# 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે યોજાશે પ્રથમ 'રાષ્ટ્રીય ચિંતન શિબિર'

રાજકોટ, તા. ૧૨

રાષ્ટ્રીય ચિંતન શિબિર એ વહીવટી અને સામાજિક સ્તરે નીતિ નિર્માણ, વિકાસલક્ષી આયોજન અને ગુડ ગવર્નન્સ માટેની એક મહત્વપૂર્ણ પહેલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન મજબૂત કરવાનો અને યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરવાનો છે. ગુજરાતમાં સત્તા પર બેઠેલી ચૂંટાયેલી પાંખ અને સરકારી અધિકારીઓ એકબીજાની નજીક આવે અને સુચારૂરૂપે ગુજરાતનો વહીવટ કરી શકાય. તેમજ ગુજરાતના લોકોનું હિતને ધ્યાનમાં રાખીને તે વિષયો પર મોકળા મને ચર્ચા કરવી. ગુડ ગવર્નન્સની સાથે ગુજરાતના છેવાડાના માનવી સુધી ગુજરાતના વિકાસના ફળ ચાખવા મળે અને તે કેવી રીતે કરી શકાય તે અંગે ચર્ચા આ ચિંતન શિબિરમાં થતી હોય છે. ચિંતન શિબિર યોજયા પછી તેનું કેટલું અમલીકરણ થાય છે, અને છેવાડાના માનવી સુધી સુચારૂ વહીવટી પ્રક્રિયાથી લાભ થાય છે કે નહી, તે પણ જોવું જોઈએ. અને સામાન્ય રીતે એવી એક છાપ ઉભી થતી હોય કે અધિકારી રાજ ચાલે છે. તેવું પણ ન હોવું જોઈએ. ટૂંકમાં ચિંતન શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ગુજરાત સરકાર અને સરકારી અધિકારીઓ સાથે મળીને સરકારે લીધેલા નિર્ણયોનું અમલીકરણથી માંડીને તેના ફાયદા કે લાભ પ્રજાને કેટલો થયો છે. પ્રજાને કોઈ અગવડ તો નથી ને? અથવા તો ગાંધીનગરથી બહાર નીકળીને ગુજરાત સરકાર અને અધિકારીઓ એકબીજાની વધુ નજીક આવે તે હેતુ પણ છે.

ગુજરાતમાં સરકારી વહીવટને વધુ સુદ્રઢ, પારદર્શક અને લોકાભિમુખ બનાવવા માટે ઉચ્ચ અધિકારીઓ માટે યોજાતી 'ચિંતન શિબિર'નું મોડલ હવે કેન્દ્ર સરકાર પણ અપનાવવા જઈ રહી છે. દેશની શાસન વ્યવસ્થાને વધુ મજબૂત કરવાના હેતુથી હવે કેન્દ્રીય સ્તરે પણ રાષ્ટ્રીય ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવશે. આ ઐતિહાસિક નિર્ણય હેઠળ દેશભરના ટોચના વહીવટી કુશળ અધિકારીઓ એક મંચ પર એકઠા થઈને દેશના વિકાસ અને સુશાસન અંગે ગહન ચર્ચા-વિચારણા કરશે.

આ મહાત્વાકાંક્ષી આયોજન અંતર્ગત આગામી ૩૧ ઓક્ટોબરે નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે પ્રથમ રાષ્ટ્રીય ચિંતન શિબિર યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ પ્રથમ શિબિરનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવશે. આ શિબિરમાં દેશના વહીવટી માળખાને ચલાવતા પ્રખર ઈઅજ અધિકારીઓ તેમજ વિવિધ મંત્રાલયોના ઉચ્ચ સચિવો ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનારા અધિકારીઓનું સેવા સન્માન કરવા ઉપરાંત, આધુનિક ટેકનોલોજી અને સરળ વહીવટ અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે હવેથી દર વર્ષે ૩૧ ઓક્ટોબરે (રાષ્ટ્રીય એકતા દિવસ) આ રાષ્ટ્રીય ચિંતન શિબિરનું આયોજન વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા



# ખેડૂત નીતિમાં ભાજપ નિષ્ફળ : જીગ્નેશ મેવાણી

**૧૫ મીએ "ચાલો ગાંધીનગર" નો પડકાર : યોજાઈ પત્રકાર પરિષદ, યોગ્ય વળતર અપાતું ન હોવાની પણ ફરિયાદ**



રાજકોટ, તા. ૧૨

ખેડૂત પ્રશ્ન હાલ રાજ્યભરમાં ભાજપને કોંગ્રેસ ટાર્ગેટ કરી રહ્યું છે એટલું જ નહીં કિસાન સંઘર્ષ સમિતિ અને ગુજરાત કિસાન કોંગ્રેસ દ્વારા ભાજપની નીતિનો ખુલ્લેઆમ વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે ગઈકાલે ધારાસભ્ય જીગ્નેશ મેવાણી તથા ખેડૂત આગેવાન પાલભાઈ આંબલીયા તથા શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજા દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી જેમાં એ વાતની જાહેરાત કરવામાં આવી કે ૧૫ જૂનના રોજ ગાંધીનગર ખાતે મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટર લઈને પહોંચશે.

પત્રકાર પરિષદમાં આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર અને રાજ્ય સરકારોની નીતિઓના કારણે ગુજરાતના ખેડૂતો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. ખેડૂતોની આવક બમણી કરવાના વાયદાઓ સામે ખેડૂતોની આવક ઘટી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. સાથે જ વીજ ટ્રાન્સમિશન લાઈનોના કામમાં ખેડૂતોની જમીનોને પૂરતું વળતર મળતું ન હોવાનો પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

આગેવાનોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૭, ૨૦૨૧, ૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન બહાર પાડેલા પરિપત્રો દ્વારા વીજ લાઈનો માટે અસરગ્રસ્ત ખેડૂતોને જંત્રી મૂલ્યના માત્ર ૨૫ ટકા જેટલું વળતર આપવાની જોગવાઈ કરી છે, જ્યારે કાયદા મુજબ ઓછામાં ઓછું નુકસાન અને વધુમાં વધુ વળતર મળવું જોઈએ. જમીનની કિંમતમાં ઘટાડો, પાક નુકસાન અને ભવિષ્યના જોખમોને પણ વળતરમાં સમાવવાની માંગ કરવામાં આવી હતી.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે કલેક્ટર કચેરીઓમાં કંપનીઓ અને ખેડૂતો વચ્ચેની સુનાવણી પ્રક્રિયા માત્ર ઔપચારિકતા બની ગઈ છે અને ખેડૂતોને જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવામાં આવતા નથી. પોલીસ પ્રોટેક્શન હેઠળ વીજ કંપનીઓ દ્વારા નક્કી કરાયેલા કોરિડોરની બહાર પણ કામગીરી કરવામાં આવી રહી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા.

ખેડૂત સંગઠનોએ પાંચ મુખ્ય માંગણીઓ રજૂ કરી છે. જેમાં ખોટી જમીન માપણી અને કાપણી પ્રક્રિયા રદ કરવી, જમીન સંપાદન માટે બજારભાવના ચાર ગણું વળતર આપવું, ખેડૂતોનું દેવું માફ કરવું, દૂધ અને કૃષિ પેદાશોને પોષણક્ષમ ભાવ આપવો, ખાતર-દવા-બિયારણના વધતા ભાવો અને નકલી સામગ્રી સામે કાર્યવાહી કરવી તેમજ ખેડૂતોને મફત વીજળી આપવાની માંગણીઓનો સમાવેશ થાય છે. વીજ લાઈનોના પ્રશ્ને સંગઠનોએ સરકાર સમક્ષ ત્રણ વિકલ્પો પણ રજૂ કર્યા છે. જેમાં જમીન સંપાદન કાયદા મુજબ બજારભાવના ચાર ગણું વળતર આપતો કાયદો બનાવવો, દરેક વીજ થાંભલા માટે માસિક ભાડાની વ્યવસ્થા કરવી અથવા પ્રતિ થાંભલા રૂ. ૨ કરોડનું વળતર આપવાની માંગ કરવામાં આવી છે. આગેવાનોએ જણાવ્યું હતું કે ખેડૂતોના હકો અને ન્યાય માટે ૧૫ જૂને ગાંધીનગર ખાતે યોજાનારા કાર્યક્રમમાં રાજ્યભરના ખેડૂતો મોટી સંખ્યામાં જોડાય અને પોતાની માંગણીઓ સરકાર સમક્ષ મજબૂત રીતે રજૂ કરે.

કોંગ્રેસ પાર્ટી આવનારા દિવસોમાં ખેડૂત સહિતના અનેકવિધ પ્રશ્નો ભાજપને ઘેરે તેવી સંભાવનાઓ સેવાઈ રહી છે એટલું જ નહીં ખાસ એ વાતની પણ ચર્ચાએ ઝોર પકડ્યું છે કે ભાજપ ખેડૂતોને રિઝવવામાં તથા ખેડૂત નીતિમાં તદ્દન નિષ્ફળ નીકળ્યું છે જેનો વિરોધ હાલ